dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-115 | AD-2025, Paush Vad-(0) | Wednesday, Dt.29-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## મૌની અમાવસ્યાનાં પવિત્ર તહેવાર પર સ્નાન કરવા ભક્તોમાં અનેરો ઉત્સાહ

# મહાકુંભમાં આજે અંદાજે ૧૦ કરોડ શ્રધ્ધાળુઓ અમૃત સ્નાન કરશે

### ૨૪ કલાક મેડિકલ ઈમરજન્સી સારવાર શરૂ રહેશે

(એચ.એસ.એલ),પ્રયાગરાજ,તા.૨૮

વિશ્વના હિન્દુઓના સૌથી મોટા ધાર્મિક કાર્યક્રમ મહાકુંભ ૨૦૨૫ માટે દરરોજ લાખો ભક્તો આવી રહ્યા છે. છેલ્લા બે-ત્રણ દિવસમાં અહીં આવતા ભક્તોની સંખ્યામાં વધારો થયો છે. મહાકુંભમાં આવતા મોટી સંખ્યામાં ભક્તો પ્રયાગરાજ સ્થિત બડે હનુમાનજી મંદિરમાં પણ દર્શન કરી રહ્યા છે. પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભમાં, મૌની અમાવસ્યા નિમિત્તે આવતીકાલે એટલે કે બુધવારે અમૃત સ્નાન યોજાવાનું છે. ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય ગૃહ મંત્રાલય પણ અહીંની વ્યવસ્થા પર નજર રાખી રહ્યું છે. મહાકુંભ વિસ્તાર અને તે પહેલાનો મોટો ભાગ નો વ્હીકલ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. અમાસ પર આઠથી દસ કરોડ લોકો આવવાની શક્યતા છે. તેથી, મેળા વિસ્તારમાં ચાલતી સેન્ટ્રલ હોસ્પિટલમાં ઓપીડી સેવાઓ પણ ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે. અત્યાર સુધી ઓપીડી સેવાઓ ફક્ત ૧૨ કલાક માટે જ પૂરી પાડવામાં આવતી હતી. પરેડ ગ્રાઉન્ડ પર બનેલી ૧૦૦ બેડની સેન્ટ્રલ હોસ્પિટલ ઉપરાંત, ૩૦ તારીખ સુધી ૨૦ અન્ય સ્થળોએ બનેલી નાની હોસ્પિટલોમાં પણ ૨૪ કલાક ઓપીડી ચાલશે. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે મૌની અમાવસ્યા નિમિત્તે બુધવારે સવારે ૬.૪૫ વાગ્યે ભક્તો પર ફૂલોનો વરસાદ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અમૃત સ્નાન (અગાઉ શાહી સ્નાન) એ મહા કુંભ મેળાનો સૌથી પવિત્ર અને સૌથી મોટો સ્નાન ઉત્સવ છે જેમાં વિશ્વભરમાંથી લાખો ભક્તો ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવા આવે છે. અમૃત સ્નાનનું મુખ્ય આકર્ષણ વિવિધ



અખાડાના સાધુઓનું સ્નાન છે. મહાકુંભમાં પહેલી વાર પૂર્વોત્તરનો શિબિર સ્થાપવામાં આવ્યો છે, જેના કારણે પૂર્વોત્તરમાંથી મોટી સંખ્યામાં ભક્તો મહાકુંભનો ભાગ બની રહ્યા છે. બુધવારે મૌની અમાવસ્યા પર ઉત્તર-પૂર્વના દૂરના વિસ્તારોના ૨૦થી વધુ સંતો અને મહાત્માઓ અખાડાઓ સાથે પ્રથમ વખત અમૃત સ્નાન કરશે. સેક્ટર ૭ માં પ્રાગજ્યોતિષ ક્ષેત્ર નામના શિબિરમાં નિર્મોહી આણી અખાડાના મહામંડલેશ્વર મહંત કેશવ દાસજી મહારાજે જણાવ્યું હતું કે, "અખાડાઓ સાથે, પૂર્વોત્તરના ૨૨ સંતો પણ મૌની અમાવસ્યા પર અમૃત સ્નાન કરશે." આમાંના મોટાભાગના સંતો પહેલી વાર અમૃત સ્નાન કરશે. પ્રયાગરાજમાં સંગમ નદીના કિનારે મહાપર્વ મહાકુંભનો દિવ્ય અને ભવ્ય કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. દરરોજ, લાખો અને કરોડો ભક્તો મહાકુંભ દરમિયાન ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરવા માટે પ્રયાગરાજ આવી રહ્યા છે. અત્યાર સુધીમાં, મહાકુંભ દરમિયાન ૧૩ કરોડથી વધુ ભક્તોએ સંગમમાં સ્નાન કર્યું છે. ૨૯ જાન્યુઆરીના રોજ મહાકુંભના સૌથી મોટા અમૃત સ્નાન, મૌની અમાવસ્યા માટે તૈયારીઓ ચાલી રહી છે. મૌની અમાવસ્યાના અવસર પર ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ આવવાનો અંદાજ છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને ધ્યાનમાં રાખીને, પ્રયાગરાજ રેલ્વે વિભાગે પણ ખાસ વ્યવસ્થા કરી છે. મૌની અમાવસ્યા તહેવારના દિવસે, પ્રયાગરાજ રેલ્વે વિભાગે શહેરના તમામ સ્ટેશનો પર મુસાફરોના આગમન અને પ્રસ્થાન માટે એક ખાસ યોજના બનાવી છે. ૨૫ જાન્યુઆરીથી, દરરોજ લગભગ ૧ કરોડ યાત્રાળુઓ મહાકુંભમાં આવવા લાગ્યા છે. આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની સલામતી અને સરળ સ્થળાંતર સુનિશ્ચિત કરવા માટે, પ્રયાગરાજ રેલ્વે વિભાગે શહેરના તમામ સ્ટેશનો માટે એક ખાસ યોજના અને કેટલાક નિયંત્રણો લાગુ કર્યા છે. આ પ્રતિબંધો મૌની અમાવસ્યાના સ્નાન ઉત્સવના એક દિવસ પહેલા અને બે દિવસ પછી લાગુ રહેશે. મૌની અમાવસ્યાનો મુખ્ય તહેવાર ૨૯ જાન્યુઆરીએ છે. આજે મોડી સાંજથી અમાસ શરૂ થઈ રહી છે, પરંતુ ઉદય તિથિ પરનું આ સ્નાન ૨૯મી તારીખે સવારથી આખો દિવસ ચાલુ રહેશે.

## રાષ્ટ્રપતિ મુર્મુ સંસદના બંને ગૃહોને સંબોધિત કરશે

# બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે : ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ થશે

નવીદિલ્હી.,તા.૨૮

ભારતીય સંસદના બજેટ સત્રની તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી ૩૧ જાન્યુઆરીથી બજેટ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૩૧ જાન્યુઆરીએ સંસદના બંને ગૃહો, લોકસભા અને રાજ્યસભાને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિ મુર્મુના સંબોધન પછી, કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ દેશનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. લોકસભા સચિવાલય દ્વારા બજેટ સત્ર અંગે સત્તાવાર સૂચના જારી કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે- "૧૮મી લોકસભાનું ચોથું સત્ર શુક્રવાર, ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ શરૂ થશે. બીજી તરફ, સરકારી કાર્ય શુક્રવાર, ૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ સમાપ્ત થવાની સંભાવના છે." તમને જણાવી દઈએ કે સંસદના બજેટ સત્રમાં બે ભાગ હશે. બજેટ સત્રનો પહેલો ભાગ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ શરૂ થશે અને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે. તે જ સમયે, બજેટ સત્રનો બીજો ભાગ ૧૦ માર્ચ, ૨૦૨૫ થી શરૂ થશે અને ૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે. ૩૧ જાન્યુઆરીથી



૧૩ ફેબ્રુઆરી સુધી બજેટ સત્રના પહેલા ભાગમાં કુલ ૯ બેઠકો યોજાશે. આમાં, પીએમ મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપશે. આ સાથે, નાણામંત્રી નિર્મલા સીતારમણ બજેટ પરની ચર્ચાનો જવાબ આપશે. આ પછી, સંસદ બજેટ દરખાસ્તોની તપાસ કરવા માટે વિરામ લેશે. આ પછી, વિવિધ મંત્રાલયો તરફથી અનુદાનની માંગણીઓ પર ચર્ચા કરવા અને બજેટ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૧૦ માર્ચથી બીજા ભાગમાં સંસદ ફરી મળશે. આ પછી સત્ર ૪ એપ્રિલના રોજ સમાપ્ત થશે. એટલે કે આખા બજેટ સત્રમાં ૨૭ બેઠકો થશે. બજેટ સત્ર શરૂ થાય તે પહેલાં ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ એક સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવશે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આ અંગે માહિતી આપી છે. બજેટ સત્ર દરમિયાન ગૃહમાં સુગમ ચર્ચા માટે કિરેન રિજિજુએ વિપક્ષી પક્ષોને સહયોગની અપીલ કરી છે. કેન્દ્રીય મંત્રી રિજિજુએ એમ પણ કહ્યું છે કે તેમને આશા છે કે નાણામંત્રી નિર્મલા સીતારમણ એક સારું અને સંતુલિત બજેટ રજૂ કરશે.









# ઉત્તરપ્રદેશમાં કાર્યક્રમ દરમિયાન સ્ટેજ ધરાશાયી થતાં સાતના મોત : ૭૫ થી વધુ ઘાયલ



(એચ.એસ.એલ),બાગપત,તા.૨૮

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં મંગળવારે અકસ્માત થયો. બારૌતમાં આયોજિત જૈન નિર્વાણ મહોત્સવમાં દુઃખદ અકસ્માત થયો છે. કાર્યક્રમ માટે બનાવેલ સ્ટેજ તૂટી પડતાં સાત ભક્તોના મોત થયા હતા. જ્યારે ૭૫ થી વધુ મહિલાઓ, પુરુષો અને બાળકો ઘાયલ થયા છે. ઘાયલોને અલગ અલગ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. તાત્કાલિક એમ્બ્યુલન્સ ઉપલબ્ધ ન હોવાથી, ઘાયલોને ઈ-રિક્ષામાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ઘાયલોમાં પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે. માહિતી મળતા જ બારોટ કોતવાલી ઈન્સ્પેક્ટર પણ પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. ભારે પોલીસ બંદોબસ્ત સાથે એસપી અને એડિશનલ એસપી ઘટનાસ્થળે પહોંચી ગયા છે. મૃત્યુઆંક વધી શકે છે.

આ દુઃખદ અકસ્માત બારૌત શહેરના કોતવાલી વિસ્તારમાં ગાંધી રોડ પર બન્યો હતો. શ્રી દિગંબર જૈન ડિગ્રી કોલેજના મેદાનમાં નિર્વાણ મહોત્સવ અંતર્ગત એક ધાર્મિક કાર્યક્રમ યોજાવાનો હતો; અહીં ૬૫ ફૂટ ઊંચો સ્ટેજ બનાવવામાં આવ્યો હતો. તેની સીડીઓ તૂટી ગઈ હતી. જેના કારણે નાસભાગ મચી ગઈ. એવું કહેવામાં આવી રહ્યું છે કે શ્રી દિગંબર જૈન ડિગ્રી કોલેજનું મેદાન તાજેતરમાં જ ભરાઈ ગયું હતું. વધુ ભક્તોના આગમનને કારણે માટી જામી ગઈ. ઘણા ભક્તો સ્ટેજ પર ચઢી ગયા હતા. જેના કારણે થાંભલા પણ તૂટી ગયા. સ્ટેજ ભીડના દબાણને સહન કરી શક્યું નહીં. અકસ્માતમાં લગભગ ૧૫ પોલીસકર્મીઓ અને ૭૫ થી વધુ ભક્તો ઘાયલ થયા. તેમને અલગ અલગ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી અત્યાર સુધીમાં સાત લોકોના મોત થયા છે અને ઘણાની હાલત ગંભીર છે.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૯-૦૧-૨૦૨૫

# રાજુલા નજીક બસ અને ટ્રક વચ્ચે અકસ્માત: કોઈ જાનહાની નહી



રાજુલા, તા.૨૮

રાજુલા-જાફરાબાદ વિસ્તારમાંથી પસાર થતા ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર અકસ્માતની ઘટનાઓ વારંવાર બની રહી છે. આ માર્ગ પર થતા અકસ્માતોમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે રાજુલા પાસે ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર અકસ્માતમાં મોટી દુર્ઘટના ટળી હતી. હિંડોરણા નજીક આવેલી કાંધલી હોટલ પાસે એક ખાનગી બસ અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ બસમાં અકસ્માત સમયે કોઈ મુસાફરો ન હોવાથી કોઈ જાનહાની થઈ નથી. આ અકસ્માત થતાં બસ અને ટ્રકને નુકસાન થયું હતું. તથા હાઈવે પર ટ્રાફિક જામનાં દ્રશ્યો જોવા મળ્યાં હતા. આ ઘટનાની જાણ રાજુલા પોલીસને થતાં તેઓ ઘટનાસ્થળે પહોંચી અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી. જેથી વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# બાબરા શહેરમાં ૩ સી.સી. રોડ અને ૧૩-બ્લોક પેવીંગ રોડના કામ મંજુર

**ધારાસભ્ય જનક તળાવીયાએ અંદાજે રૂ. ૩ કરોડ ૬૭ લાખ સરકારમાંથી મંજુર કરાવ્યા**

બાબરા, તા.૨૮

બાબરા નગરપાલિકા વિસ્તારમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ૩ નવા સી.સી.રોડ અને ૧૩ બ્લોક પેવિંગ રોડ બનાવવા માટે રૂા. ૬ કરોડ ૬૭ લાખની ગ્રાન્ટ મંજૂર કરાવ્યા છે. આ નવા રસ્તા બનવાથી બાબરા શહેરના વાહન ચાલકો અને નાગરિકોને સુવિધાજનક પરિવહન સુવિધા મળશે.



બાબરાના નગરજનો ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના આ પ્રયાસોને બિરદાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, લાઠીમાં અત્યાધુનિક સિવિલ હોસ્પિટલ બનાવવાની પણ મંજૂરી મળી છે. આ હોસ્પિટલ બનવાથી દર્દીનારાયણને આરોગ્યપ્રદ સુવિધા ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, દામનગરમાં નદી, નાળા, પુલિયા, રસ્તાઓનું નવીનીકરણ પણ કરવામાં આવી રહ્યું છે.

# બગસરા નાગરિક શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઈ



બગસરા, તા.૨૮

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની બગસરા શાખાના સભાસદ અસગરઅલી ખાનભાઈ સોનાવાલાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિનો રૂ. ૨૫૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ વેળાએ મંડળીના એમ. ડી. નિતેશભાઈ ડોડીયા, જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા, હેમેન્દ્ર કટેશિયા, નીલેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# નવોદય વિદ્યાલય અમરેલીમાં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી

બાબાપુર, તા.૨૮

જવાહર નવોદય વિદ્યાલય અમરેલી ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહપૂર્વક વાતાવરણમાં કરવામાં આવી હતી. શાળાના આચાર્ય વિજયકુમાર ભોસના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ સાંસ્કૃતિક નૃત્યોની પ્રસ્તુતિ કરી હતી. વરિષ્ઠ અધ્યાપક



અરવિંદ શર્માએ સંવિધાન અને બંધારણીય સુધારા વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન હિન્દી શિક્ષક હિતેશભાઈ અને અંગ્રેજી શિક્ષિકા મનુસ્મૃતિએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આચાર્ય વિજયકુમાર ભોસે સર્વેને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાવરકુંડલામાં એક યુવકને મુંઢ ઈજા પહોંચાડી જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલામાં રહેતા એક યુવકને ઈજા પહોંચાડીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ચિરાગભાઈ મનસુખભાઈ વાઘ (ઉ.વ.૩૪)એ મનજીભાઈ મકવાણા, મિતેશભાઈ મનજીભાઈ મકવાણા તથા રવિભાઈ મંગાભાઈ વેગડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમનું મોટર સાયકલ લઈ હાથસણી રોડ, ખોડીયારનગરમાં આવેલ પોતાના ઘરે જતા હતા તે દરમિયાન ઉભા રાખવી ઢીકાપાટુ વડે મુંઢ માર મારી શરીરે બન્ને પગનાં ગોંઠણ ઉપર, ડાબા હાથની કોણીના ભાગે, હોઠ ઉપર તથા માથાના ભાગે સામાન્ય તેમજ મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીમાં નીલકંઠ જ્વેલર્સમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

અમરેલી, તા.૨૮

૭૬મા પ્રજાસત્તાક દિન નિમિત્તે અમરેલીના પ્રખ્યાત સોના-ચાંદીના દાગીનાના શોરૂમ નીલકંઠ જ્વેલર્સમાં દેશભક્તિના માહોલ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શોરૂમને દેશભક્તિની થીમ સાથે સુંદર રીતે સજાવવામાં આવ્યો હતો, જ્યાં દેશભક્તિના ગીતોથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ ગયું હતું.કાર્યક્રમમાં અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને વસંતભાઈ મોવલીયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ રૂપે, દિનેશભાઈ ભુવા, ડૉ. વી.પી. રાવળ અને ડૉ. નીતિનભાઈ ત્રિવેદી જેવા અગ્રણી નાગરિકોએ પણ હાજરી આપી હતી.કાર્યક્રમની વિશેષતા એ રહી કે અમરેલી મૂકબધિર શાળા અને અંધશાળાના બાળકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નીલકંઠ જ્વેલર્સના માલિક કેતનભાઈ ધોળકિયા અને પ્રકાશભાઈ ધોળકિયાએ સર્વ ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યક્ત કરી, પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલીમાં પોલીસને બાતમી આપતી હોવાનું કહી પતિએ પત્નીને ધમકી આપી

અમરેલી, તા.૨૮

અમરેલી પોલીસ ફરી એક વખત વિવાદમાં આવી હતી. પાયલ ગોટીનો વિવાદ હજુ શાંત થયો નથી ત્યાં એક મહિલાને પોલીસને બાતમી આપતી હોવાનું કહી ધમકાવવામાં આવી હતી. પ્રિયાબેન હાર્દિકભાઈ માધવાણી (ઉ.વ.૪૦)એ પતિ હાર્દિકભાઈ વિનોદભાઈ માધવાણી તથા ભયકુભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમણે અનીલભાઈ ચાવડા રહે.અમરેલી બહારપરા તથા વાયદો રહે.અમરેલી પાણી દરવાજા તથા અજીતભાઈ વિછીયા રહે. કુતાણા તા.લીલીયા વાળાને ત્યા પોતાના પતિએ ઈંગ્લીશ દારૂ ઉતાર્યો છે બાબતે પોલીસને બાતમી આપી હતી. તે બાબતનુ મનદુખ રાખી તેના પતિ હાર્દિકભાઈ વિનોદભાઈ માધવાણી તથા ભયકુભાઈ ધાકડાએ વોટ્સએપ કોલ કરી ટાંટીયા ભાંગી નાખી જાનથી મારી નાખવાની ધંમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એ.પટેલ વધુ તપાસ કરી રહ્યા છે.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ   શ્રેષ્ઠ ગ્રાહક સેવા   ગુણવતાયુકત કામ   પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯


## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

### જાહેર નોટીસ

કેસ.નં.જન્મ-મરણ/૨૭/૨૦૨૪

શ્રી કનુભાઈ વલકુભાઈ ધાધલ
મું.ભેંસાણ, તા.ભેંસાણ, જી-જુનાગઢ -૯૭૭૩૦ ૩૮૨૨૦ .....વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ
તા.ભેંસાણ, જી.જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી કનુભાઈ વલકુભાઈ ધાધલ દ્વારા તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ ના રોજ મોજે ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧મી માહે ડિસે. સને: ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

### જાહેર નોટીસ

કેસ.નં.જન્મ-મરણ/૨૫/૨૦૨૪

શ્રી ગીતા ઉર્ફે શ્યામોબન છગનભાઈ સાવલીયા વા/ઓ કશ્યપ કાછડીયા
ઠે. ૭૦૪, રત્નાસાગર હાઈટસ, ઈન્દ્રલોક સોસાયટી પાસે,
ન્યુ રાણીપ પાસે, અમદાવાદ-૯૬૬૨૬ ૨૬૧૯૬ .....વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ
તા.ભેંસાણ, જી.જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ગીતા ઉર્ફે શ્યામાબેન છગનભાઈ સાવલીયા વા/ઓ કશ્યપ કાછડીયા દ્વારા તેમનો જન્મ તા.૨૧/૦૭/૧૯૭૩ ના રોજ મોજે ભેંસાણ, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી- ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૧મી માહે ડિસે. સને: ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૮૭/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી ડોડીયા જયોતિ જગદીશભાઈ
રે. લીલીયા મોટા ,તા.લીલીયા, જિ.અમરેલી
(હાલ:- બી-૩૦૨, માલક્રોશ, સી.એચ.એચ. લીમીટેડ, વસંતનગરી, ગોલ્ડન રોક, હોટેલની બાજુમાં સેકટર-૧૦, વસઈ ઈસ્ટ, મુંબઈ મો.૭૬૬૬૨ ૩૪૫૯૮)
(૨) અરજદારના વકીલશ્રી નરેશભાઈ પી. હેલૈયા
ઠે. પોલીસ સ્ટેશન સામે, મું.તા. લીલીયા, જી.અમરેલી મો.૯૯૨૫૯ ૩૨૭૨૬

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,લીલીયા મોટા તા.લીલીયા,જિ.અમરેલી.

### ::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના લીલીયા મોટા ગામના રહીશ શ્રી ડોડીયા જયોતિ જગદીશભાઈએ તેમના પોતાનો જન્મ લીલીયા મુકામે તા.૨૫/૦૮/૧૯૮૦ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ડોડીયા જયોતિ જગદીશભાઈએ તેમના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૮૦ થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત <u>તા.૦૪/૦૨/૨૦૨૫</u>ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮ /૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -:: રૂબરૂ સુનાવણી નોટીસ ::-

### મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

નં.મરણ નોંધણી/અરજી નં.૮૨/૨૦૨૪

**અરજદારશ્રી :-** બગડા માધાભાઈ ભાયાભાઈ,
રે. આંબરડી તા.સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** તકમશ્રી આંબરડી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતા ભાયાભાઈ રાણાભાઈ બગડાનું મરણ તા.૧૫/૦૮/૨૦૦૨ ના રોજ મુ.આંબરડી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતર ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## અમર ડેરી સહકારથી સમૃદ્ધિનું ઉત્તમ ઉદાહરણ છે : અશ્વીન સાવલીયા

# અમર ડેરી ખાતે ૭૬મા પ્રજાસતાક દિવસની ઉજવણી

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.અમર ડેરી ખાતે ૨૬ જાન્યુઆરીના રોજ ૭૬મા પ્રજાસતાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, તાલુકા પંચાયત સદસ્ય કાળુભાઈ રામાણી, અમર ડેરીના ડિરેક્ટર ચંદુભાઇ રામાણી, રેખાબેન કાકડીયા, અમર ડેરીના એમ. ડી. ડો.આર. એસ. પટેલ સહિત મોટી સંખ્યામાં સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.





# એસ.એચ.ગજેરા કેમ્પસમાં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૨૮

એસ.એચ.ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સંસ્થામાં ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. ફતેપુર ભોજલધામના સંત શિરોમણિ ભક્તિરામ બાપુના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમના પ્રેરણાદાયી ઉદ્બોધને વિદ્યાર્થીઓમાં દેશસેવાની ભાવના જગાવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, અધ્યક્ષ દિનેશભાઈ ભુવા અને ઉદ્ઘાટક રમેશભાઈ કાથરોટિયા સહિત અમરેલી જિલ્લાના અગ્રણી સમાજસેવકો, ઉદ્યોગપતિઓ અને શિક્ષણપ્રેમીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું વિશેષ આકર્ષણ રાજ્યકક્ષાએ રમતગમતમાં ગોલ્ડ મેડલ જીતનાર વિદ્યાર્થીઓનું સન્માન રહ્યું હતું. આ સન્માન સમારોહે અન્ય વિદ્યાર્થીઓમાં પણ પ્રેરણાનું મોજું ફેલાવ્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલા હાસ્યનાટકો, સાંસ્કૃતિક નૃત્યો અને નાટ્યરચનાઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.



# વડીયાની સુરગવાળા હાઈસ્કૂલ ખાતે ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી



અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાની ગ્રામપંચાયત સંચાલિત હાઈસ્કૂલ શ્રી સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલના પટાંગણમાં ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વડિયાના પ્રથમ નાગરિક એવા સરપંચ મનીષ ઢોલરીયાએ ધ્વજ વંદન કર્યું હતું. આ તકે હાઈસ્કૂલ અને પ્રાથમિક શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી ઉપસ્થિત લોકોના દિલ જીત્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વડિયા ગ્રામ પંચાયતના સભ્યો, સ્કૂલના કર્મચારીઓ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજ ને સલામી આપી હતી.

# ચમારડીમાં દેશભક્તિનો માહોલ: ૭૬મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

બાબરા, તા.૨૮

બાબરા તાલુકાના ચમારડી ગામમાં ૭૬મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગામની દિકરી શોભાબેન મકવાણાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું, જ્યારે એક હજારથી વધુ લોકોની ઉપસ્થિતિએ કાર્યક્રમને દિપાવ્યો હતો.ચમારડી બસ સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં સરદાર પ્રેમી તરીકે જાણીતા ગોપાલભાઈ ચમારડીએ ભારતના ૧૧ મહાન વિભૂતિઓની પ્રતિમાઓને પુષ્પહાર અર્પણ કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ અને જિલ્લા મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આસપાસના ગામોના રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, પદાધિકારીઓ અને શાળાના સ્ટાફગણ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગોપાલ ચમારડીએ દેશના વીરોના બલિદાન અને તપસ્યાને યાદ કરતાં જણાવ્યું હતું કે આજના દિવસનું મહત્વ આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગને આભારી છે. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો.



# સાવરકુંડલામાં ષટતિલા એકાદશીએ ૫૧ કિલો તલની ગાય બનાવી પૂજન કરાયું

સાવરકુંડલા, તા.૨૮



સાવરકુંડલા ખાતે આવેલ સંત પ. પૂ. ધનાબાપુના આશ્રમ ખાતે ષટતિલા એકાદશીના રોજ રાધા કૃષ્ણ મહિલા મંડળ દ્વારા એકાવન કિલો તલની ગાય બનાવી તેનું ધાર્મિક વિધિ અનુસાર પૂજન કરવામાં આવ્યું હતું. આ એકાવન કિલોની બનાવેલી તલની ગાયના તલને પછી બ્રાહ્મણને દાનમાં આપી દેવામાં આવ્યા હતા. આ આશ્રમમાં ૪૦૦ જેટલી મહિલાઓ એકઠી થઈને વ્રતની ઉજવણી કરતાં જોવા મળેલ હતી. આ આશ્રમના મહંત રામજીબાપુ અહીં આવતાં તમામ ભાવિકોને આવકારે છે અને અહીં સત્સંગ અને સંતવાણી તથા ભાવિકો માટે બપોરે ભોજન પ્રસાદ બારે માસ ચાલુ છે.


**Sankul P.T.C. & M.Ed. College Closed**

Hereby state that Shree Amreli Jilla Leuva Patel Charitable Trust - Surat Managed **Shree Leuva Patel Trust P.T.C. Mahila College - Amreli & Shree Leuva Patel Trust M.Ed. Mahila College - Amreli** has been Decided to be closed by The Trust from the Year 2025-26

**Shree Amreli Jilla Leuva Patel Charitable Trust Surat (Amreli)**

Place:- Smt. Shantaben Haribhai Gajera Shaiksanik Girl's Sankul Chakkargadh Road Amreli- Ad 103



**CHANGE OF NAME**

I UNDERSING LALLUBHAI DOSALBHAI NAGAS HAVE CHANGED MY NAME FROM LALUBHAI DOSALBHAI NAGAS TO LALLUBHAI DOSALBHAI NAGAS FROM NOW ONWARDS I WILL BE KNOWN AS LALLUBHAI DOSALBHAI NAGAS

LALLUBHAI DOSALBHAI NAGAS

At Pithvadi , Ta: Savarkundla , Dl Amreli- 364515


# બગસરા બસ સ્ટેન્ડમાંથી મોબાઈલ ચોરાયો

બગસરા, તા.૨૮

બગસરાના બસ સ્ટેન્ડમાંથી મોબાઈલ ચોરાયો હતો. બનાવ અંગે હડાળા ગામના રમેશભાઈ ઉકાભાઈ પટોળીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તા.૨૬/૦૧/૨૦૨૫ ના સવારના આશરે સાડા પાંચેક વાગ્યે બગસરા બસ સ્ટેન્ડમાંથી તેમની પત્નિનો મોબાઈલ પડી ગયો હતો. જે કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયો હતો.

## //તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૮૫/૨૦૨૫

**અરજદાર...** (૧)શ્રી ધીરૂભાઈ ડાયાભાઈ માતરિયા
રે.લોંકી (ઉમિયાનગર), તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી વિપુલભાઈ એમ.દુધાત
ઠે. ઉ.રચના ચેમ્બર્સ. રોયલ જવેલર્સની પાછળ, બરોડા પ્રીસ્ટેજ, વરાછા રોડ, સુરત-૬ મો.૯૩૭૫૨ ૯૨૮૧૨

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા........** તલાટી કમ મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, લોંકી તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના લોંકી ગામના રહીશ શ્રી ધીરૂભાઈ ડાયાભાઈ માતરિયા એ તેમના ભત્રીજાનો જન્મ લોંકી મુકામે તા.૧૯/૦૬/૧૯૮૫ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ધીરૂભાઈ ડાયાભાઈ માતરિયાના ભત્રીજા જયેશભાઈ પરબતભાઈ માતરિયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને -૧૯૮૫ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં. 55\2024

**પ્રતિ**
શ્રી નારણજી રામસિંહજી ગોહિલ,
રહે.હરમડીયા, ગામ-હરમડીયા, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,હરમડીયા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસ જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના હરમડીયા ગામના રહીશ શ્રી નારણજી રામસિંહજી ગોહિલ તથા શ્રીમતી લાડુબા નારણજી ગોહિલના પુત્ર શ્રી ગંભીરસિંહ નારણજી ગોહિલનો જન્મ તારીખ:01-Jun-75ના રોજ ગીરગઢડા તાલુકાના હરમડીયા ગામ ખાતે થયેલ છે. જે જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, હરમડીયા, તાલુકો-ગીરગઢડા સને-1975ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૧/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે .

આજ તા.૦૮/૦૧/૨૦૨૫ નાં રોજ મારી સહી સિક્કો કરીને આપ્યા.

**હુકમથી,**
**(જી.કે.વાળા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,**
**ગીરગઢડા**


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટૂઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટ્સ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

તંત્રી લેખ

# બાળકની મોબાઈલ ગેમ આફતરુપ બની શકે

સાવ નાના બાળકો મોબાઈલ ફોનથી ફોટા પાડી શકે છે.ગેમ રમી શકે છે. પરંતુ અજાણતા જ કોઈ એવી લીંક પર તે ક્લિક કરી નાખે છે જેને કારણે ક્રોમ બાઉઝર ક્લોઝ થઈ શકે છે. બાળકની માત્ર એક ક્લિક અને એકાઉન્ટ બ્લોક થઈ શકે છે.આજના સમયમાં નાના મોટા તમામ બાળકો ઓનલાઈન ભણે છે એટલે બાળકના હાથમાં સ્માર્ટફોન આપવો જ પડે. બાળકને પણ મોબાઈલનું એવું બંધાણ થઈ જાય છે કે તે મોબાઈલ વગર રહી શકતા નથી. સતત ગેમ માં કાર્યરત હોવાથી તેનો શારીરિક માનસિક વિકાસ પણ અટકી જાય છે. અહીં મહત્વની વસ્તુ એ છે કે બાળકના હાથમાં મોબાઈલ આપીએ ત્યારે શેનું ધ્યાન રાખવું જોઈએ તે વસ્તુ મહત્વની છે આમાં જો જાન ન આપ્યું હોય તો ઘણી મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. એક બાળક કે સાયબર અજાણી લીંક પર ક્લિક કરી અને પરિણામે બેંકનું એકાઉન્ટ તળીયા ઝાટક થઈ ગયું. આવું બની શકે છે.મોટાઓ જાણે છે કે અજાણી લિંક પર ક્લિક ન કરાય ખાસ કરીને આજે જ્યારે સાઈબર ફ્રોડની ઘટનાઓ વધી રહી છે ત્યારે આ બાબતમાં ખાસ ધ્યાન આપવું પડે પરંતુ આ બાબતનું જ્ઞાન બાળક પાસે ન હોવાથી મોટી મુશ્કેલી ઊભી થઈ શકે છે.એક ઘટનામાં બાળકની ઉંમર ૫ વર્ષની છે. તે પણ પપ્પાના મોબાઈલ પર ગેમ રમતો હતો. ગેમમાં કોઈ જાહેરાત આવી હશે તો ભૂલમાં તેના પર ક્લિક થઈ ગઈ હશે. બે-ત્રણ દિવસ બાદ તેના પપ્પાનું ગૂગલ એકાઉન્ટ બ્લોક થઈ ગયું.ગૂગલ તરફથી એવું કહેવામાં આવ્યું કે આ એકાઉન્ટમાં અમારી પોલિસી વિરુદ્ધની પ્રવૃતિ થઈ છે. ગુગલની પોલિસીનું ઉલ્લંઘન થયું છે. જેથી ગૂગલ એકાઉન્ટ બ્લોક કરવામાં આવે છે.આ નોટિસ મળ્યા બાદ જ્યારે બધી એપ તપાસી તો તેમાં એક ગેમ એવી હતી જેના પર આ પ્રકારના ભળતા પોપઅપ આવતા હતા.આ એ ગૂગલ એકાઉન્ટ હતું જે બિઝનેસથી લઈને બેંક સાથે લિંક હતું, જેના પર મહત્ત્વના ડેટાનો બેકઅપ હતો. તે અચાનક જ બ્લોક થયું એટલે તકલીફ થાય કારણ કે આના કારણે મહત્વ ના ડોક્યુમેન્ટ્સ પણ બ્લોક થઈ ગયા **gmail** બ્લોક થઈ ગયું **google** ના તમામ કાર્યો અટકી ગયા એને કારણે **whatsapp** પણ બ્લોક થયું તમામ બેન્ક એકાઉન્ટ બ્લોક થઈ જતા મોટી મુશ્કેલી ઊભી થઈ બાદમાં ત્રણ મહિના સુધી **google** ને અઢળક **email** અને કવેરી સોલ્વ કર્યા બાદ એકાઉન્ટ ફરીથી એક્ટિવિટી થયું અને તે પણ મહામુશ્કેલી બાદ **google chrome** શરૂ થયું અને તમામ એપ્લિકેશનનો ફી કાર્યરત થઈ એક નાનકડી ભુલને કારણે કેટલી તકલીફો ઊભી થઈ તે બાળકને ખબર નથી પડતી.બાળકોને જ્યારે ફોન આપીએ તો સતત ધ્યાન રાખવું કે તે ફોનમાં શું કરી રહ્યાં છે. જેના બે ફાયદા થશે એક તો આવી ફ્રોડની ઘટના નહીં થાય અને બીજું એ કે તેમને ટેક્નોલોજી અને ઈન્ટરનેટના સદુપયોગ તરફ વાળી શકશો. એટલે કે માત્ર ગેમ અને રીલ્સ સિવાય બીજી દિશામાં વાળી શકાશે.ઉપર જણાવી તેવી ઘટના રોકવાનો એક ઉપાય એ છે કે તેમને એવા ફોન આપો કે જે કોઈ બેંક એકાઉન્ટ સાથે જોડાયેલો ના હોય, જે ફોનમાં બેંકને લગતી કોઈ એપ ના હોય. જોકે, બધાં લોકો માટે આ શક્ય નથી. એટલે સૌથી પહેલાં બાળકોને સમજાવો કે તમારી જાણ બહાર ક્યારેય કોઈનો ફોન રિસિવ ના કરે અને મેસેજ પણ ના ખોલે.આજકાલ બધાં બાળકો જાતે જ પ્લે સ્ટોર પર જઈ એપ ડાઉનલોડ કરી લે છે. એટલે સતત જોતા રહો કે તેમણે ફોનમાં કઈ કઈ એપ ડાઉનલોડ કરેલી છે. કેટલીય એવી એપ છે કે જેના બતાવવાના અને ચાવવાના દાંત અલગ અલગ હોય છે. એટલે કે હોય ગેમની એપ્લિકેશન અને કામ ડેટા ચોરીનું કરતી હોય, જેની આપણને ખબર પણ નથી હોતી.બધી એપ કંઈ એવી નથી હોતી, પણ આવી એપની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. બાળકો કંઈ વિચાર્યા વગર જ બધી પરમિશન પણ આપી દે છે. આ બાબતનું કોઈ જ્ઞાન બાળક પાસે હોતું નથી આથી તે આવી બનાવટી એપ્લિકેશન ને કાર્યરત કરી દે છે અને પરિણામે અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

# ચલાલામાં અમરેલી રોડ પર અમદાવાદ પાસિંગની કારે અકસ્માત સર્જયો

**દેવરાજીયા ગામના પાદર પાસે અકસ્માતમાં એકનું મૃત્યુ**

ચલાલા, તા.૨૮

ચલાલામાં અમરેલી રોડ પર અમદાવાદ પાસિંગની કારે અકસ્માત સર્જ્યો હતો. જેમાં ઈજા થઈ હતી. બનાવ અંગે ધારીમાં રહેતા જક્યુદિનભાઈ તાહેરભાઈ હથિયારી (વોરા) ઉ.વ.૫૫ એ મૂળ ગોપાલગ્રામના ચાલક ભાવેશભાઈ હુમર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાના હવાલા વાળી ફોરવ્હીલ કાર રજી.નં-**GJ**-૦૧-**RH**-૯૫૨૮ વાળી પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ગફલત ભરી રીતે ચલાવી આવી તેમની હોન્ડા કંપનીની મો.સા રજી.નં-**GJ**-૧૪-**AM**-૫૦૫૨ વાળી સાથે ભટકાડી હતી.

જેમાં શરીરે જમણા પગના પંજામાં તથા ઢાંકણીમાં ફેકચરની ઈજા તથા ડાબા જડબામાં ફેકચરની ઈજા તથા ડાબી આંખ ઉપર નવ ટાંકાની ઈજા પહોચાડી તેમજ સાહેદ બાબુભાઈ શામજીભાઈ સાવલીયાની મોટર સાયકલ સાથે ભટકાવી ગંભીર ઈજા પહોચાડી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર એ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે. આ સિવાય અમરેલી-ચલાલા હાઈવે રોડ ઉપર, દેવરાજીયા ગામના પાદરમાં એક ફોર વ્હીલ ચાલકે બાઈકને ટક્કર મારતાં અજાણ્યા પુરુષનું મૃત્યુ થયું હતું.

# અમરેલીના ગાવડકા ગામે યુવકને જાહેરમાં મા-બેન સામે ગાળો આપી

અમરેલી, તા.૨૮

અમરેલીના ગાવડકા ગામે એક યુવકને જાહેરમાં મા-બેન સામે ગાળો આપવામાં આવી હતી. જેને લઈ પ્રાગજીભાઈ જેઠાભાઈ હેલૈયા (ઉ.વ.૪૯) એ પ્રવિણભાઈ બેચરભાઈ વાઘેલા (કુંભાર), ખોડાભાઈ જાગાભાઈ હાજરા (ભરવાડ) તથા બીપીનભાઈ સાંગાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને પોતાનો કબાટ રિપેર કરવવો હતો. જેથી તેમણે પ્રવિણભાઈ વાઘેલાને આપ્યો હતો. ખોડાભાઈ ગજેરાએ રેતીનો ચારણો તેમના કબાટ ઉપર પાડી દેતા તુટી ગયો હતો. જેથી તેમણે પ્રાગજીભાઈ વાઘેલા પાસે પોતાનો કબાટ વારંવાર માંગતા આરોપીએ તેમને તથા તેમના દિકરાને જાહેરમાં મા-બેન સામે ગંદી ગાળો આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદ તાલુકાનાં ટીબી ગામે દર્દીઓને પોષણયુક્ત કિટનું વિતરણ

જાફરાબાદ,તા.૨૮



રાષ્ટ્રીય ટીબી નાબુદી કાયેક્રમ અંતર્ગત જાફરાબાદમાં તાલુકા હેલ્થ કચેરી અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહાર કિટ આપવામાં આવી હતી. સરકારી દવાખાનામાં ટીબીનું નિદાન અને સારવાર ફ્રીમાં મળે છે. અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા તમામ દર્દીઓને સારવાર દરમિયાન પોષણયુક્ત કિટ આપવામાં આવે છે. આ કાયેક્રમને સફળ બનાવવા તાલુકાના હેલ્થ ઓફિસર ડો. ટાંક અને સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપ ભાઈ જોષીએ ભારે જહેમત ઉઠાવી છે.

# સાવરકુંડલાના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધામાં સિદ્ધિ મેળવી

સાવરકુંડલા,તા.૨૮



સાવરકુંડલામાં શ્રી કે. કે હાઈસ્કુલના યજમાન પદે તા.૯-૧-૨૫ના રોજ તાલુકા ખેલ મહાકુંભની એથ્લેટીક્સ સ્પર્ધાનું આયોજન થયેલ. જેમાં દોડ, કૂદ અને વિવિધ ફેંકની સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈઓએ જ્વલંત સિદ્ધિ હાંસલ કરેલ છે. અંડર-૧૪ ગોળાફેક સ્પર્ધામાં જેઠવા કૌશલ પ્રથમ, અંડર-૧૭ માં ૧૦૦ અને ૨૦૦ મી.દોડમાં ગોહિલ હેમાંગ પ્રથમ, ૧૦૦મી દોડમાં ચોટલિયા હર્ષિલ દ્વિતીય, ચક્રફેંકમાં ગોંડલિયા પ્રિન્સ પ્રથમ, બરછી ફેંકમાં ધાખડા તરુણ દ્વિતીય અને ઉંચી કૂદમાં વાઘાણી શંભુ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. તેઓ હવે જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે. સર્વે વિદ્યાર્થીઓને માર્ગદર્શન હેતલબેન કાચા અને રીનાબેન નાગરે પૂરું પાડ્યું હતું.

# લાઠીના કાંચરડી ગામની યુવતી પર લગ્નના એક જ મહિનામાં સાસરિયાએ સિતમ ગુજાર્યો

**ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી**

લાઠી, તા.૨૮

લાઠીના કાંચરડી ગામે રહેતી એક યુવતીને લગ્નના એક જ મહિના બાદ સાસરિયાએ કનડગત શરૂ કરી હતી. પતિ તેમજ અન્ય સાસરિયાએ ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. હાલ પિયરમાં કાંચરડી ગામે રહેતી હેતલબેન મિલનભાઈ સોરઠીયા (ઉ.વ.૨૮)એ મહુવાના મોદા ગામે રહેતા પતિ મિલનભાઈ ભનુભાઈ સોરઠીયા, મનીષાબેન જીગ્નેશભાઈ સોરઠીયા, જીગ્નેશભાઈ ભનુભાઈ સોરઠીયા, દયાબેન ભનુભાઈ સોરઠીયા, ભનુભાઈ સોરઠીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન મિલનભાઈ સોરઠીયા સાથે અગીયારેક મહીના પહેલા થયા હતા.

લગ્નના એકાદ મહિના બાદ તમની સાથે ખોટી રીતે ઝઘડાઓ કરી માનસીક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. તેમને અગાઉના ઘરની દિકરી હોય તે બાબતે મેણા મારી માનસીક ત્રાસ આપતા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર ડી સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ગ્રામપંચાયતનું રૂા.૧.૮૪ કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર

અમરેલી, તા.૨૮



અમરેલી તાલુકાનાં દેવભૂમિ દેવળીયા ગ્રામપંચાયત દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું છે. રૂા.૧.૮૪ કરોડનું બજેટ કોઈપણ વેરા વધારા વગર સરપંચ ભાવનાબેન સુખડીયાનાં અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં મંજૂર કરાયું છે. જેમાં આરોગ્ય, સફાઈ, લીફ્ટ ઈરીગેશન યોજના, આંગણવાડી, સ્ટ્રીટલાઈટ સેવા સહિતની જુદી જુદી યોજનાઓ માટે જોગવાઈ કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૮૫ |
| ઘઉં લોકવન | ૫૯૩ | ૬૧૭ |
| ઘઉં ટુકડા | ૬૦૪ | ૬૬૦ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૦૧ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૫૦ |
| બાજરી | ૩૬૬ | ૪૭૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૫૦ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૨૦૧૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| મગ | ૧૧૫૦ | ૧૭૮૮ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૨૦૦ |
| ચોળી | ૧૨૮૦ | ૨૩૨૫ |
| મઠ | ૯૦૦ | ૧૩૦૦ |
| કળથી | ૮૦૦ | ૮૭૫ |
| સીંગદાણા | ૧૨૪૬ | ૧૨૪૬ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૩૮ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૨૪૫ |
| તલી | ૧૭૦૦ | ૨૩૩૦ |
| એરંડા | ૧૧૭૧ | ૧૨૩૧ |
| અજમો | ૧૯૦૦ | ૨૧૨૪ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૬૨ |
| કાળા તલ | ૩૮૦૦ | ૫૨૫૦ |
| લસણ | ૧૧૫૦ | ૨૦૫૦ |
| ધાણા | ૧૧૩૦ | ૧૬૫૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૧૦૫ |
| રાય | ૧૧૨૦ | ૧૩૨૬ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| રાયડો | ૯૯૦ | ૧૧૦૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૩૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૬૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૪૦ |
| ટમેટા | ૬૦ | ૧૬૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૩૦ |
| રીંગણા | ૧૨૦ | ૩૧૦ |
| કોબીજ | ૨૦ | ૪૦ |
| ફલાવર | ૧૧૦ | ૨૨૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૨૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૧૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૦૫૦ | ૧૨૩૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૨૫૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૫૦ |
| મેથી | ૧૫૦ | ૨૫૦ |
| વાલ | ૫૦૦ | ૭૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૧૫૦ | ૪૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૬૫૦ | ૧૨૫૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૯૫ |
| ગીરનાર શીંગ | ૧૦૮૫ | ૧૧૪૩ |
| શિંગ મોટી | ૮૨૦ | ૧૧૩૫ |
| શિંગ ફાડા | ૯૫૦ | ૧૨૧૩ |
| તલ સફેદ | ૧૪૩૦ | ૨૩૧૫ |
| તલ કાળા | ૨૬૦૦ | ૪૭૯૫ |
| તલ કાશ્મીરી | ૨૫૮૬ | ૨૫૮૬ |
| બાજરો | ૫૦૦ | ૭૦૨ |
| જુવાર | ૫૩૦ | ૧૨૫૨ |
| ઘઉં ટુકડા | ૫૭૩ | ૬૮૭ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૭૫ |
| અડદ | ૬૪૦ | ૧૨૭૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૪૪ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૫૬ |
| કપાસ | ૯૦૦ | ૧૫૦૪ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૩૦ |
| જીરૂ | ૨૫૬૦ | ૪૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| મેથી | ૭૭૫ | ૯૯૯ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૨ |
| મરચા લાંબા | ૪૪૦ | ૩૦૪૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૮૦ | ૩૪૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૯૦ | ૨૨૦ |
| કોબીજ | ૭૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૪૦ |
| ટામેટા | ૭૦ | ૧૧૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૩૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૩૦ |
| ગલકા | ૩૫૦ | ૫૦૦ |
| મુળા | ૧૦૦ | ૧૬૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૭૦ |
| વટાણાં | ૫૫૦ | ૬૦૦ |
| ચોળા લીલાં | ૪૧૦ | ૫૧૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૪૦ |
| આમળા | ૭૦૦ | ૮૨૦ |
| ચણાં લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૫૧૦ | ૭૨૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૬૦૦ | ૭૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૦૦ |
| ફુદીનો | ૫૧૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૪૮૦ | ૫૫૦ |
| બીટ | ૨૦૦ | ૪૫૦ |
| તુવેર | ૩૪૦ | ૬૪૦ |
| સરગવો | ૬૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૩૨૦ | ૩૬૦ |
| મરચા લીલા | ૩૧૦ | ૬૫૦ |
| મરચા લાલ | ૩૨૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૬૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૩૦૦ |
| લસણ સુકુ | ૧૪૪૦ | ૩૨૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૧૦ |
| લીંબુ | ૭૫૦ | ૯૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૫૫૦ | ૭૫૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| મગફળી | ૧૦૨૦ | ૧૦૭૨ |
| જુવાર સફેદ | ૭૭૫ | ૭૭૫ |
| સોયાબીન | ૬૯૧ | ૭૫૨ |
| તુવેર | ૧૦૦૩ | ૧૩૨૨ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૦૯૫ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૦૪૨ |
| બાજરી હાઈબ્રીડ | ૫૨૫ | ૬૩૪ |
| ઘઉં | ૫૨૧ | ૬૭૮ |
| રાયડો | ૯૦૦ | ૧૦૬૨ |
| તુવેર | ૯૦૦ | ૧૫૨૬ |
| જુવાર | ૬૫૦ | ૧૦૧૦ |
| અડદ | ૧૦૨૦ | ૧૪૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૫૨ |
| જી.તલ | ૨૨૦૦ | ૨૯૬૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૪૬ |
| સોયાબીન | ૭૦૫ | ૮૦૪ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૩૪ |
| કપાસ | ૧૨૨૦ | ૧૪૬૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૪૦ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| તલ પીળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૫૫ |
| બાજરો | ૫૭૦ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૫૩૭ | ૭૦૩ |
| જુવાર | ૬૮૧ | ૯૬૨ |
| મગ | ૧૦૨૫ | ૨૧૭૧ |
| અડદ | ૭૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૯૦ | ૧૪૬૧ |
| ચણા | ૯૫૦ | ૧૨૭૨ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૧ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૪૬ |
| ઘઉં લોકવન | ૫૫૮ | ૬૪૮ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૭૨૧ |
| મગફળી જીણી | ૭૧૧ | ૧૧૦૬ |
| સિંગ ફાડીયા | ૭૫૦ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૨૨૬ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૮૫૧ | ૪૧૯૧ |
| વરીયાળી | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૯૧ |
| અડદ | ૧૦૨૧ | ૧૬૪૧ |
| મઠ | ૯૫૧ | ૧૦૯૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૦૧ |
| રાય | ૮૯૧ | ૧૦૫૧ |
| મેથી | ૪૮૧ | ૧૨૪૧ |
| કાંગ | ૯૧૧ | ૧૦૦૦ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૧૫૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૮૮૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૩૪૧ |
| ઇસબગુલ | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ધાણી | ૯૦૦ | ૧૭૦૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૭૧ |
| બાજરો | ૪૭૧ | ૫૮૧ |
| જુવાર | ૩૦૧ | ૯૦૧ |
| મકાઇ | ૪૨૧ | ૪૨૧ |
| મગ | ૯૯૧ | ૧૭૬૧ |
| ચણા | ૯૦૧ | ૧૨૦૧ |
| વાલ | ૭૧૧ | ૧૪૬૧ |
| ચોળા / ચોળી | ૩૭૧ | ૧૩૯૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૦૬ |
| અજમાં | ૧૦૪૧ | ૧૫૫૧ |
| ગોગળી | ૭૦૦ | ૭૬૧ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૦ | ૧૪૪૦ |
| મગફળી | ૭૨૫ | ૧૦૨૬ |
| ઘઉં | ૫૫૫ | ૬૨૫ |
| તુવેર | ૧૧૭૫ | ૧૩૬૫ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| તલ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| અડદ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ધાણા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૨૦ |
| કપાસ મીડીયમ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૭૫ | ૧૧૦૫ |
| મગફળી બી.ટી | ૧૦૧૬ | ૧૦૬૪ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૧૮૩૦ |
| ઘઉં | ૫૧૮ | ૬૩૨ |
| જીરૂ | ૩૬૯૦ | ૩૮૦૦ |
| સોયાબીન | ૭૫૬ | ૭૭૪ |
| તુવેર | ૧૩૫૫ | ૧૪૨૫ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૮ | ૧૦૯૯ |
| શીંગ મોટી | ૧૦૨૦ | ૧૧૧૩ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૧૨૫ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૭૩ |
| ઘઉં લોકવન | ૬૨૪ | ૭૧૪ |
| ઘઉં ટુકડા | ૬૦૨ | ૭૦૪ |
| બાજરો | ૪૫૦ | ૭૧૬ |
| જુવાર | ૬૨૦ | ૯૧૪ |
| મગ | ૧૬૦૨ | --- |
| અડદ | ૧૧૦૧ | -- |
| ચણા | ૯૫૦ | ૧૧૦૪ |
| તુવેર | ૧૨૭૧ | ૧૫૪૫ |
| એરંડી | ૧૧૫૭ | ૧૨૦૮ |
| ધાણા | ૮૦૮ | ૧૧૬૦ |
| સોયાબીન | ૮૦૮ | ૭૮૫ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૯ | ૧૫૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૬ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૧ |
| અડદ | ૬૦૦ | ૧૫૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૫૧ |
| મગફળી | ૬૦૦ | ૧૦૦૧ |
| શિંગફાડા | ૮૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૩૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૯૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૧૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૦૩૭ | ૧૨૬૫ |
| શીંગ ૩૨ | ૧૦૨૫ | ૧૧૦૦ |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૧૨૪ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૫ | ૧૦૯૬ |
| એરંડા | ૧૦૪૨ | ૧૦૫૦ |
| જુવાર | ૪૧૧ | ૧૦૧૦ |
| બાજરી | ૪૧૧ | ૮૨૦ |
| ઘઉં ટુકડા | ૩૫૪ | ૭૨૯ |
| અડદ | ૬૨૦ | ૧૩૭૬ |
| મગ દેશી | ૧૫૪૮ | ૨૨૩૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૧૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૧૧૧ | ૨૧૫૧ |
| તલ કાળા | ૩૪૪૬ | ૩૪૪૬ |
| તુવેર | ૯૦૦ | ૧૪૧૫ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૩૮૫ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૧૨ |
| ડુંગળી સફેદ | ૨૨૫ | ૫૦૧ |
| કપાસ શંકર | ૮૮૦ | ૧૪૩૫ |
| નાળીયેર | ૫૫૫ | ૨૫૭૧ |

**જામનગર**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| બાજરો | ૪૫૦ | ૫૭૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૭૬ |
| મગ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| મઠ | ૯૦૦ | ૯૨૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૩૦ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૦૭૦ |
| મગફળીજાડી | ૯૦૦ | ૧૦૮૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૩ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૧ |
| લસણ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૧૬૫ |
| અજમો | ૨૦૪૦ | ૪૭૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૦૦ |
| મરચા સુકા | ૪૫૦ | ૩૨૦૦ |
| સોયાબીન | ૭૫૫ | ૮૩૫ |
| રાજમા | ૩૦૦ | ૧૦૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૮ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૫૨૪ | ૭૭૦ |
| તુવેર | ૧૧૧૫ | ૧૩૨૦ |
| શીંગદાણા | ૧૧૪૫ | ૧૧૮૦ |
| મગફળી | ૬૦૦ | ૬૮૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| મકાઇ | ૫૫૦ | ૫૫૦ |
| તલ સફેદ | ૧૭૫૫ | ૨૨૦૦ |

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



નોનસ્ટિક વાસણો વાપરવામાં શું લાભ કે ગેરલાભ છે?

નોનસ્ટિક એટલે પદાર્થ તળીયે ચોટે નહીં અને બળે નહીં એવી સગવડતા વાળા વાસણો. પદાર્થ ચોટે નહીં તે માટે વાસણોને **PFOA (Perflurooctanotic)** નામના રસાયણનો લેપ કરવામાં આવે છે. આ રસાયણ કેન્સર ઉત્પન્ન કરનાર છે. થાઈરોઈડ, કોલેસ્ટ્રોલ વગેરેનું સંતુલન બગાડે છે, લીવર ઉપર સોજો આવે છે, રોગ પ્રતિકારક શક્તિ ઘટાડે છે. આવા વાસણોમાં પદાર્થો રાંધવાથી આ રસાયણ તેમાં ભળે છે અને આપણે તે પદાર્થ ખાઈએ એટલે આપણા પેટમાં જાય છે. આરોગ્યને આટલું બધું નુકસાન થતું હોવાને કારણે નોનસ્ટિક વાસણો ન વાપરવા જોઈએ.

ભાત ઓસાવીને કરવા જોઈએ કે ઓસાવ્યા વિના?

ભાત બનાવવા માટેની આ બંને પદ્ધતિ સરખી જ રીતે પ્રચલિત છે. ઘરોમાં અને મોટા મોટા સમારંભમાં ભાત ઓસાવીને કરવામાં આવે છે. પરંતુ આધુનિક સુશિક્ષિત લોકોનો મત ઓસાવ્યા વિના ભાત રાંધવાનો બનતો જાય છે વળી કુકરમાં રાંધવાથી ઓસાવવાનો પ્રશ્ન જ આવતો નથી. જે લોકો ઓસાવ્યા વિના ભાત બનાવે છે તેઓની માન્યતા એવી છે કે ઓસાવવાથી પોષક તત્વો નીકળી જાય છે. જે લોકો ઓસાવીને ભાત બનાવે છે તેઓમાં પણ કેટલાક એવું માનતા હોય છે કે પોષક તત્વો તો ઓસામણની સાથે નીકળી જાય છે પરંતુ સગવડ પડે છે તેથી તેઓ ભાત ઓસાવે છે.

સાચી વાત એ છે કે ભાતને ઓસાવવા જ જોઈએ. ઓસાવેલ ભાત પચવામાં હલકા રુચિકારક અને તૃપ્તિદાયક બને છે. જ્યારે ઓસાવ્યા વગરના ભાત પચવામાં ભારે અને કફ કારક બને છે. ભાતનું ઓસામણ પણ પચવામાં હલકું હોય છે તેથી ખરી રીત ભાતને ઓસાવીને રાંધવાની છે.

ચૂલે મૂકવાના કેટલા સમય પહેલા ચોખા પલાળવા જોઈએ.

દાળ, ચોખા વગેરેને ચૂલે મૂકવાના એક કે બે કલાક પહેલા પલાળવાનો રિવાજ છે. સારી ગૃહિણીઓ એવું કરે છે. એમ કરવાથી બળતણની બચત થાય છે. જેનું રસોઈ કરવામાં ધ્યાન નથી એવી ગૃહિણીઓ પહેલા પલાળી રાખવાનું ભૂલી જાય છે. જેઓ નોકરી વગેરેમાં વ્યસ્ત હોય છે તેમને પહેલા પલાળી રાખવાની સગવડ હોતી નથી. પ્રેશર કુકરમાં રાંધનારને પણ પહેલા પલાળી રાખવાનું જરૂરી લાગતું નથી. તેમ છતાં પહેલા પલાળી રાખવું સારું એમ તો બધા માનતા જ હોય છે. પરંતુ આયુર્વેદશાસ્ત્રના મત અનુસાર દાળ ચોખા પહેલા પલાળવા ન જોઈએ. પહેલા પલાળવાથી એ પચવામાં ભારે થઈ જાય છે વળી ખોરાકને રાંધવામાં પ્રત્યક્ષ અગ્નિનો જેટલો વધુ ઉપયોગ થાય એટલું અન્ન વધારે સૂપાચ્ય બને.

શાકને પહેલા બાફીને પછી વઘારવું જોઈએ કે વઘાર્યા પછી બાફવું જોઈએ?

વઘાર્યા પછી બાફવાની અને બાફીને વઘારવાની એમ બંને રીતો પ્રચલિત છે. કેટલાક લોકો શાકને કાચું વઘારે છે, તે સમયે હળદર અને મીઠું નાખે છે. ચઢતી વખતે જ હળદર અને મીઠું નાખવાથી તે શાકમાં અંદર સુધી ઉતરીને ભળી જાય છે. અર્ધા ઉપર ચડી ગયા પછી બાકીનો મસાલો નાખે છે અને શાકને પૂરું ચઢાવે છે આ રીતે શાક બનાવવામાં તેલ થોડું વધારે વપરાય છે પરંતુ શાક વધુ સ્વાદિષ્ટ લાગે છે પરંતુ આયુર્વેદશાસ્ત્ર અનુસાર સાચી રીત શાકને બાફ્યા પછી વઘારવાની છે. શાકને બાફવાથી તેમાના પોષક તત્વો વધુ માત્રામાં જળવાય છે તેમાં તેલ પણ ઓછું વપરાય છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

રોટલી કે ભાખરી કરતા પહેલા લોટ કેટલા સમય પહેલા બાંધી રાખવો જોઈએ.

ઓછામાં ઓછા એક કલાક પહેલા તો બાંધવો જ જોઈએ તેમ કરવાથી તે સારી રીતે કેળવાય છે. સારી રીતે કેળવેલા લોટની રોટલી કે ભાખરી સારી બને છે, તેનું પોષણ મૂલ્ય વધી જાય છે. રોટલી ઠંડી થયા પછી પણ નરમ અને કૂણી રહે છે. તરત બાંધેલા લોટની રોટલી કે ભાખરી આંતરિક રીતે સરખી બંધાતી નથી. ઠંડી થયા પછી તૂટક છૂટક લાગે છે પરંતુ લોટને બાંધીને ચાર પાંચ કલાક રહેવા દેવો. સવાર સાંજ બંને સમયનો એકસાથે બાંધીને પણ પછી ફ્રિજમાં મૂકી દેવો. રાત્રે બાંધેલો લોટ બીજે દિવસે વાપરવો એ સાચી પદ્ધતિ નથી. એમ કરવાથી લોટને કાં તો આથો આવે છે, નહીં તો ઠીંગરાઈ જાય છે. બાંધેલો લોટ વધુ પડતા સમય સુધી રાખી મૂકવો હિતાવહ નથી. (ક્રમશઃ) ■

hemangidmehta@gmail.com

# તો પછી, કોઈ સાળી બાળી મેમાન થઈને આવી ?



બે હાથમાં વજનદાર થેલીઓ ઉંચકીને આવતાં બકાને જોઈને બોસથી પુછ્યાં વગર રહેવાયું નહીં .

“બકા, આવી ભયંકર મંદીમાં તું આટલી બધી ખરીદી કરી આવ્યો ? આ બે થેલી ભરીને શું લાવ્યો? રૂપિયાનાં ખિસ્સા ભરીને ગયો હશે.”

આવી કાળઝાળ મોંઘવારીમાં બે થેલાં રાશન એમ જ થોડું આવે ! ”

“બોસ બોસ, આટલાં બધાં રૂપિયા મારી પાંહે ક્યાંથી હોય અને આ રાશનથી ભરેલી થેલી ય નથી.”

“તો પછી, કોઈ સાળી બાળી મેમાન થઈને આવી ?

મેમાનેય ખરાં છે. આઠ દસ દિવસનો ધામો નાંખવો લાગે છે.”

“ના બોસ, ના. તમે ધારો છો એવું કાંઈ નથી. આ તો હમણાં હમણાં શિયાળામાં શાક બકાલું સસ્તું થઈ ગયું છે એટલે મને થયું હોંઘુ છે તો લાવ લઈ જ લવ. હમણાં ખાવાં પીવાનું જોર રાખવું પડશે ને.”

“કેમ.. કેમ જોર રાખવું પડશે ? પછી કાંઈ નવો પ્લાન છે ? કે પછી મહાકુંભ મેળામાં જાવું છે ? અને કુંભમેળામાં જા તો પાછો આવજે હોં. નહીંતર અમારું શું થાહે.”



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

“ના બોસ, ના. કુંભમેળામાં નથી જાવું. આ તો પાંચ રૂપિયામાં ફુલાવરનો આખો દડો મળતો ’તો એટલે લય લીધો. પણ, પછી મને થયું ! આવડો મોટો દડો માત્ર પાંચ રૂપિયામાં મારી પાંહે પોગી ગ્યો ? તો પછી..! વેચનારને કેટલાં મળ્યા ? હરરાજીમાં કેટલાં ઉપજ્યા ? કમીશન કેટલું ગયું ? અને મૂળ વાત. ખેતરમાં ઉગાડીને, પાણી પાઈને, દવા છાંટીને, મહા મહેનતે છકડામાં ભાડુ ખર્ચ કરીને હરરાજીમાં મૂકનાર ખેડૂતને કેટલાં મળ્યાં હશે ??”

“બકા.. બકા... ઈ હંધીય આંટીઘૂંટી વાળી વાત છે. આપણાં જેવાં તો શું, હારી હારી કંપનીના સીઈઓનેય આ ગણતરી ફાવતી નથી. અને ખેડૂતને અમથો જગતનો તાત કહ્યો હશે.

અને મૂળ વાત. આ શાક દસ દિવસ તું રાખીશ ક્યાં ? તારી ઘરવાળી આજ તારો વારો પાડવાની છે. ઈ તો પડશે એવાં દેવાહે. પણ, બકા રોજે રોજ શાકનો છકડો આવે જ છે. પછી દસ દિવસનું કેમ લીધું ?”

“બોસ, તમને એકવાર કહ્યું કે, હમણાં ખાવાનું જોર રાખવાનું છે એટલે લીધું છે.”

“કેમ પછી ખાવાનું બંધ કરી દેવાનું છે? ”

“ઈમ જ હમજો. હમણાં હમણાં ધરણાં અને ઉપવાસની મોસમ હાલે છે. એટલે મારે ‘ય એની હારે બેહવું છે.”

“એટલે તારે ખેડૂતની દયા ખાયને ડલ્લેવાલના ઉપવાસ આંદોલનમાં જાવું છે ?”

“ના, મારે તો બિહારવાળા પી.કે.ના ઉપવાસ આંદોલનમાં જોડાવા જાવું છે.”

“બકા તું ય હાવ ગાંડો થયો કે થાશ ?? ઉપવાસ અને ધરણાં કરવાંનો શોખ હોય તો આપણે ન્યા ક્યાં તાણ્ય છે? હાલતાં ચાલતાં મળી જાય. અને તારે ઠેઠ બિહાર જાવું છે? લાલુના કલાસ યુનિવર્સિટીમાં હાલતાં ઈ દિવસો હવે ગયાં. અને હાવ હાસું કવ તો આવા દેખાડાનાં ધરણાં અને ઉપવાસ ઉપર હવે આમ જનતા અને સરકારને ભરોસો રહ્યો જ નથી. કારણ વગરનું રાજકારણ કરે છે. ફોટાઓ પાડીને હમાચારમાં ચમકે છે. આવાં ઘસાઈ ગયેલાં આંદોલનમાં તારે જાવું છે ??”

“બોસ, ઈ કાંઈ મને ખબર નથી અને ખબર પાડવીએ નથી. તમે જ કો, મારે આટલી લાંબી જિંદગીમાં સાયકલમાંથી કેરોસીન વાળું મોટરસાયકલ માંડ માંડ થયું. અને આપણે લકઝરી ગાડીઓના નકરાં ફોટા જ જોવાનાં ! ??

તમે ઉપરનો ફોટો તો જુઓ. મને લાગે છે કે, આખા ગુજરાતમાં આવી કરોડો રૂપિયાની ગાડી કદાચ નહીં હોય ! અને હશે તો આપણે ફોટો ‘ય જોયો નથી.”

“અરે.. બકા, માત્ર ફોટો જોવા ન્યા લગણ લાંબુ થવાય ? અને ગાંડાભાઈ ફોટા તો છાપામાં હીરોઈનના ય છપાય છે. એનો મતલબ તમને હીરોઈન મળી જાહે ??”

“તમે હમજ્યા નહીં બોસ. આ ગાડીમાં બેહવા મળે એટલે તો ઉપવાસ કરવા છે.”

“મને હજીય હમજણનો ટપો પડતો નથી. ઉપવાસ અને કરોડોની ગાડીને શું લેવાદેવા ? આપણાં ગાંધી બાપુ ઉપવાસ કરતાં તો માત્ર એક પોતડી જ પહેરતાં. પછી આ કરોડોની ગાડીનું શું કનેક્શન ?”

“બોસ તમે ૧૯૪૦/ ૪૫ ની વાત કરો છો. અને આ હાલે છે ૨૦૨૫. તમે એમ. કે.ની વાત કરો છો. અને આ છે પી.કે. ”

“હા, પણ મૂળ તો વાત ઉપવાસની જ છે ને. આમાં વચ્ચે કરોડોની ગાડી કયાંથી આવી? ”

“મૂળ વાત હવે જ શરૂ થાય છે. જૂઓ, ઉપવાસનાં ફોટા બોટા પડી જાય, એકાદ બે પી.સી. થઈ જાય, પત્રકારો હંધાય આડાઅવળા થઈ જાય પછી જ હાસો કાર્યક્રમ શરૂ થાય છે.”

“કેવો કાર્યક્રમ ? અને એમાં વળી નવીન શું હોય છે ??”

“પી.કે. ને (પાણી) પી પીને ફ્રેશ થવું હોય, આરામ કરવો હોય કે પછી..કટક બટક ? ત્યારે આ ફાઈવ સ્ટાર હોટલ જેવી ગાડીમાં જવાનું. એટલે આ ગાડી ચોવીસ કલાક ત્યાં જ હોય છે.”

“હા પણ, આમાં તને શું લાભ?”

“ભલા માણસ! આપણે ‘ય ઉપવાસી કેવાઈએ. આપણેય ફ્રેશ તો થવું પડે ને ભેગાંભેગ આરામેય કરી લેવાનો. આપણાં ભાગ્યમાં આવી ગાડી કયાંથી..!!” ■

kalubhaibhad123@gmail.com

# લગ્ન સમારંભનું પ્રિ-પ્લાનિંગ



ચાર માસ પૂર્વે :

લગ્ન કંકોત્રીની ડિઝાઈન અને લખાણ માટેની મેટર વગેરે તૈયાર કરી - કરાવી દો, એને પ્રિન્ટીંગ માટે આપી દો. પ્રૂફ વાંચન માટે પૂરતી કાળજી રાખો.

યુવક-યુવતીના કે ઘરના સભ્યોના વસ્ત્રોને સિલાઇ માટે આપી દો.

યુવક-યુવતીના વાલીઓએ સામા પક્ષે આપવાની ચીજ-વસ્તુઓ કે ભેટની યાદી કરી, તેની ખરીદી પણ કરી લેવી.

મકાનનું કોઈ સમારકામ કે રંગ-રોગાન અને સાફ સફાઇ કરાવી લો.

ત્રણ માસ પૂર્વે

લગ્નપત્રિકાઓ પર મહેમાનોના નામ લખવાનું શરૂ કરી દો.

ઔપચારિક લગ્ન કંકોત્રી મોકલતાં પૂર્વે લગ્ન સાથે સંકળાયેલી તમામ કાર્યક્રમોની યાદી બનાવીને બધાને મોકલી આપો, વ્હોટ્સ-અપ કરી શકાય. જેથી તેઓ એ દિવસે આવવાની પૂરી તૈયારી કરી શકે.

બહારગામથી આવનારા મહેમાનો માટે આવાસ - નિવાસનું નક્કી કરી, વ્યવસ્થા કરી લો.

દૂર વસનારા સગાં-સંબંધીઓને કંકોત્રી પોસ્ટ કરવાનું શરૂ કરી દો.

ઘરે આવનારા મહેમાનોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગ્રોસરી, શાકભાજી, અન્ય ચીજવસ્તુઓની વ્યવસ્થા કરી રાખો.

બે માસ પૂર્વે :

આસપાસ રહેનારાઓને તમારા પરિવારની પરંપરા અનુસાર મીઠાઇ કે ઉપહારની સાથે કંકોત્રી આપવાનું શરૂ કરી દો.

બધાં જ મુખ્ય પ્રસંગો, આયોજનો માટે પાણી, જનરેટર, લાઇટિંગ, સુરક્ષા વગેરે જેવી તમામ સુવિધાઓનો પ્રબંધ કરી લો.

બીજા શહેરમાંથી આવનારા મહેમાનોને રેલવે સ્ટેશન, બસ સ્ટેશન કે એરપોર્ટથી ઘર સુધી લાવવાની વ્યવસ્થા અંગે પણ આયોજન કરી લો.

- લગ્ન પૂર્વે થનારા બધા રીતિ-રિવાજો, રસમોમાં જે-તે મહેમાનોની ભૂમિકાઓ નક્કી કરી લો અને એ અંગે તેમને વ્યવસ્થિત સમજ પણ આપી દો.

ગીત-સંગીત, ગરબાના દિવસે કોઇ થીમ રાખવા ઇચ્છતા હોય તો, તેની તૈયારી પ્રથમથી જ કરી દો.

મહેંદી મૂકનાર બહેનને, ગીત-સંગીત કરનારા ભાઇ-બહેનો કે ગરબા ગવડાનારા બહેનના ગ્રૂપને પ્રથમથી જ નક્કી કરીને બુક કરી લો. શકય હોય તો તેમને પ્રસંગોચિત ગીત-સંગીતનું લિસ્ટ પણ તૈયાર કરીને આપી શકો છો.

લગ્નવિધિ વખતની જરૂરી ચીજ-વસ્તુઓ, સામગ્રી માટે ગોર મહારાજને પૂછીને લિસ્ટ બનાવી લો અને ખરીદી કરીને તૈયાર રાખો.

એક માસ પૂર્વે :

બધી જ ખરીદીની યાદીઓ, રસીદો વગેરેને સાચવીને એક ફાઇલમાં મૂકી દો.

જરૂરી આવાગમન માટે ગાડી, ટેક્ષી કે બાઇક, સ્કૂટરની વ્યવસ્થા પ્રથમથી જ કરી રાખો.

જરૂરિયાત મુજબના ગાદલા, તકિયા, ચાદર, પંખા, ડેકોરેશન, ખુરશી, ટેબલ વગેરેની યાદી બનાવી ઓર્ડર કરી દો.

ક્રોકરી સહિતના બધાં જ જરૂી વાસણોની યાદી બનાવી ઓર્ડર કરી દો.

પર્યાપ્ત કૂકિંગ ગેસ સિલિન્ડરની વ્યવસ્થા પણ કરી રાખો.

ઘરના કામકાજ જેવાં કે, કચરાં-પોતાં, કપડાં, વાસણ, બાળ સંભાળ, વૃધ્ધ સંભાળ, ખરીદી વગેરે માટે હેલ્પર્સની વ્યવસ્થા પણ કરી દો.

આમંત્રિતોનું લિસ્ટ એકવાર ફરીથી ચેક કરી લો અને જોઇ લો. જેથી કોઇ રહી ગયું હોય તો તેને પોસ્ટ, આંગડિયા, રૂબરૂ કે ફોન દ્વારા કે મેઇલ દ્વારા નિમંત્રણ મોકલી આપો.

મહેમાનોને આપવાની ગિફ્ટ ખરીદીને તેનું પેકિંગ કરાવી, યાદી કરી તૈયાર રાખો.



જીવન તરંગ
જયસ્વી પટેલ

પરિવારના સભ્યો સાથે વિચાર-વિમર્શ કરીને બધાં જ નજીકના લોકોની વચ્ચે તેમની લગ્ન સમારંભ માટે જરૂરી જવાબદારીઓ વહેંચી દો.

કોઇ ખાસ જવાબદાર અને વિશ્વાસુ વ્યક્તિને ચાંલ્લો લેવાની અને ભેટ લેવાની જવાબદારી સોંપો.

મિઠાઇઓ, ડ્રાય ફ્રૂટસના ઓર્ડર આપી દો.

સભ્યો, લગ્ન સ્થળ, કેટરર્સ, ડેકોરેટર્સ, ડીજે-બેન્ડ, ગીત -સંગીત ગ્રૂપ, મહેંદી ગ્રૂપ, ફલોરિસ્ટ, ફોટોગ્રાફર, વીડિયોગ્રાફર, મહેમાનો વગેરે માટે રહેવા, બેસવા, ખાણી-પીણીની વ્યવસ્થાને ફરીથી ચકાસી લો...

હવે બેસ્ટ ઓફ લક એન્ડ કોન્ગ્રેચ્યુલેશન ફોર મેરેજ ફંકશન...! (ક્રમશઃ) ■

sanjogpurti@gmail.com

# જાદુઈ ડબ્બો



એકવાર મગ અને ચણો એક ડબ્બામાં ભેગા થઈ ગયા. એકબીજાને મળીને બંને ખુશખુશ થઈ ગયા. મગ કહે, “હું નાનો ને તું મોટો. પણ આપણા બંને વિના રસોઈનો સ્વાદ અધૂરો જ ગણાય.”

“હા હોં! તારી વાત સાચી. પણ હવે આપણે છેક ખેતરથી આ ડબ્બા સુધી પહોંચી ગયા છીએ. હવે આપણું આયુષ્ય ઘણું જ થોડું રહ્યું છે એમ સમજ! આપણે થોડાક જ કલાકોના કે દિવસોના મહેમાન છીએ એવું મને લાગે છે!”

ચણાની વાત સાંભળી મગ સળવળ્યો અને બોલ્યો, “અરે! અરે! આમ કેમ! આ તમે કેવી વાત કરો છો! એવું તે કાંઈ હોતું હશે?”

ચણો બધું જાણતો હતો. એણે મગને સમજાવતાં કહ્યું, “અરે ભાઈ! તું તો સાવ બુદ્ધુ જ રહ્યો. હવે તને કે મને પાણીમાં પલાળશે ને ગરમ તાવડીમાં લ્હાય જેવા તેલમાં નાખીને ઉકાળશે. એટલે સમજવું કે હવે આપણે ઓહ્યા થઈ જવાના!”

“પણ મારે આટલી જલદી કોઈના મોંનો કોળિયો નથી થવું ભાઈ! મારે તો હજુ ફરવું છે. ઊંચું આકાશ, ઊંડો સમુદ્ર, ઘનઘોર જંગલ- આ બધુંય જોવાની કેવી મજા પડે!” વિસ્મય સાથે મગ બોલ્યો.



રે વાર્તા!
મનીષ સુથાર

“તારી વાત તો સાવ સાચી છે હોં! આ બધે ફરવાની ને અવનવું જોવાની મજા પડી જાય! પણ આપણે બંને તો આ ડબ્બામાં કેદ છીએ. આપણે અહીંથી જઈશું કેવી રીતે?”

બંનેની વાત ચાલુ હતી. ત્યાં જ ડબ્બો સહેજ સળવળ્યો. ડબ્બો થોડુંક આગળ પણ ખસ્યો. બંને મિત્રો ગભરાઈને ડબ્બામાં લપાઈ ગયા. એમને કાંઈ સમજાયું નહીં. એટલામાં ડબ્બો બોલ્યો, “અરે મિત્રો, તમે સહેજ પણ ગભરાશો નહીં. હું જાદુઈ ડબ્બો છું. મારી પાસે અનોખી શક્તિ છે. તમે કહેશો ત્યાં હું તમને લઈ જઈશ. તમે જરાય ચિંતા કરશો નહીં.”

ડબ્બાની વાત સાંભળી મગ અને ચણો ખુશીથી ઉછળી પડ્યા. હવે તેમને મનપસંદ જગ્યાની મુસાફરી કરવાની તક મળી હતી. જાદુઈ ડબ્બાની મદદથી તેમની મુસાફરી શરૂ થઈ. પહેલાં તેઓ એક જંગલમાં ગયા. ત્યાં તેમને ઘણાં રંગબેરંગી ફૂલ, અવનવાં ઝાડવાં ને નાનાં-મોટાં પશુ-પંખી જોયાં. આગળ જતાં તેઓ એક સમુદ્રના કિનારે પહોંચ્યા. રંગબેરંગી સુંદર માછલીઓ અને શંખ જોઈ બંને રાજીરાજી થઈ ગયા. ડબ્બાની સાથે તેઓ સમુદ્રની ઊંડાઈ સુધી પણ જઈ આવ્યા. દૂર ઉંચા આકાશે જઈ વાદળો સાથે રમી આવ્યા. આજે મગ અને ચણાની બધી જ ઈચ્છાઓ પૂરી થઈ. બંનેએ ખુબ મજા કરી.

જાદુઈ ડબ્બો કહે, “ચાલો ચાલો હવે, આપણે પાછા પણ જવાનું છે હોં! તમે બેઉ જણા ફરવાના જબરા શોખીન! જંગલ, દરિયો, આકાશ આ બધે તમને ફેરવી ફેરવીને હવે હું પણ થાકી ગયો છું. ચાલો હવે, પાછા વળીએ.”

“હા ડબ્બાભાઈ હા! તમારો ખુબ ખુબ આભાર. આ તમે અમને મળી ગયા ને અમે બધુંય ફરી શક્યા. અમારું સ્વપ્ન પુરું થયું. ચાલો હવે પાછા વળીએ.” - એમ કહેતાં બધાય પાછા વળ્યા.

■ Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# સિદ્ધિવિનાયક મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરનારને પ્રવેશ અપાશે નહીં



(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૮

મુંબઈના સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરની વ્યવસ્થાપન સમિતિએ મંગળવારે મંદિરમાં આવતા તમામ ભક્તો માટે ડ્રેસ કોડ લાગુ કરવાની જાહેરાત કરી. મેનેજમેન્ટ કમિટીએ એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરમાં આવતા ભક્તોએ એવા કપડાં પહેરવા જોઈએ જે શિષ્ટાચાર જાળવી રાખે અને પવિત્રતાનો આદર કરે. કાપેલા જીન્સ, સ્કર્ટ, ઢીલા કપડાં કે ટૂંકા કપડાં જેવા અયોગ્ય પોશાક પહેરનારાઓને મંદિરમાં ભગવાન ગણપતિના દર્શન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મંદિર ટ્રસ્ટે પવિત્ર સ્થળની પવિત્રતા અને ગરિમા જાળવવાના હેતુથી માર્ગદર્શિકા લાગુ કરવા માટે આ નિર્ણય લીધો છે. મંદિર પ્રશાસન દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ ટૂંકા કપડાં પહેરશે તો મંદિર પરિવારને પ્રવેશવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા મહિને અમેરિકાની મુલાકાત લે તેવી શકયતા



નવીદિલ્હી,તા.૨૮

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં અમેરિકાની મુલાકાત લઈ શકે છે. અહીં પીએમ મોદી અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય, વ્હાઈટ હાઉસ ખાતે મળશે. આ માહિતી ખુદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આપી છે. તમને જણાવી દઈએ કે સોમવારે રાત્રે પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી. તાજેતરમાં, ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે (ભારતીય સમય મુજબ) જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની સાથે મુલાકાત માટે વ્હાઈટ હાઉસની મુલાકાત લઈ શકે છે, સંભવતઃ ફેબ્રુઆરીમાં. ટ્રમ્પે પીએમ મોદી વિશે કહ્યું- આજે (સોમવારે) સવારે મારી તેમની સાથે લાંબી વાતચીત થઈ. બધા વિષયો પર ચર્ચા થઈ. તેઓ કદાચ આવતા મહિને ફેબ્રુઆરીમાં વ્હાઈટ હાઉસ આવશે. ભારત સાથે અમારા ખૂબ સારા સંબંધો છે. તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પનો રાષ્ટ્રપતિ તરીકેનો પ્રથમ કાર્યકાળનો છેલ્લો વિદેશ પ્રવાસ ભારતનો હતો. ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન બંને દેશો વચ્ચે ઘણા સારા સંબંધો હતા.

# આંબરડીના જન્મજાત તકલીફવાળા બાળકનું વિનામૂલ્યે સફળ ઓપરેશન



અમરેલી,તા.૨૮

ધારી તાલુકાના ભાડેર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આંબરડી ગામનાં બાળકોની શારીરિક તપાસ દરમિયાન એક બાળકમાં **Racto Vascular(vaginal) Fistula**ની તકલીફ જણાતા બાળકને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ હતું. આ માટે ધારી તાલુકા આર.બી.એસ.કે. ટીમ દ્વારા સંકલન કરી બાળકને સંદર્ભ કાર્ડ કઢાવી, અમરેલી જિલ્લા શાળા આરોગ્ય વિભાગમાંથી વિનામૂલ્યે તાત્કાલિક મંજુરી કઢાવી હતી. અમદાવાદમાં બાળકનું ૧૮ જાન્યુઆરીએ સફળતાપૂર્વક વિનામૂલ્યે ઓપરેશન થયું હતું. રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોની વિનામુલ્યે સારવાર કરવામાં આવે છે.

# અમરેલી BCA કોલેજ વિભાગમાં જોબ પ્લેસમેન્ટનું આયોજન કરાયું



અમરેલી,તા.૨૮

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા **BCA**ના વિદ્યાર્થીઓને અભ્યાસ પછી કારકિર્દી ઘડવા અને રોજગારી અર્થે રેડ & વ્હાઈટ ક્લાસ દ્વારા ટેકનિકલ કાઉન્સેલર પોસ્ટ માટે જોબ પ્લેસમેન્ટ યોજાયેલ હતું. જેમાં **TYBCA** ના વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઈન્ટરવ્યૂ આપેલ હતા અને તેમણે પ્રથમવાર ઈન્ટરવ્યૂનો અનુભવ કર્યો હતો. વિદ્યાર્થીઓ આ અનુભવથી પગભર થાય અને નામાંકિત કંપનીઓમાં કરીઅર બનાવે તે હેતુથી આ આયોજનનું સફળ સંચાલન **BCA** વિભાગના અધ્યક્ષ વિપુલભાઈ બાલધા અને સેલ્ફ ફાઈનાન્સ વિભાગના કો-ઓર્ડીનેટર અભિષેકભાઈ જોશી દ્વારા થયેલ. આ તકે વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને ચતુરભાઈ ખૂંટ દ્વારા શુભેચ્છા આપવામાં આવેલ. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ માર્ગદર્શન આપેલ હતું.

# બાબરાના નવનિયુક્ત પોલીસ અધિકારીઓનું ભવ્ય સન્માન



બાબરા,તા.૨૮

બાબરા પોલીસ સ્ટેશન ખાતે આજે નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ-ઈન્સ્પોકટરનો સન્માન સમારોહ યોજાયો હતો. શહેર અને તાલુકાના આગેવાનોએ બંને અધિકારીઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું.કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય નીતિનભાઈ રાઠોડ, હિંમતભાઈ દેત્રોજા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ, ખાખરિયા ગામના સરપંચ વિપુલભાઈ કાચેલા અને તાલુકા ભાજપ ઉપપ્રમુખ કિરીટભાઈ બગડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા મોટાની સરકારી કોલજમાં નવી સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિ વિષયક વર્કશોપ



લીલીયા,તા.૨૮

લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલજમાં નવી સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિ ૨૦૨૫ વિષય પર આજે એક વર્કશોપનું આયોજન કરાયું હતું. કોલેજના વિદ્યાર્થીઓને **GPSC**ની પરીક્ષાની ઊંડાણ પૂર્વકની માહિતી મળી શકે તથા તેઓ આવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા પ્રેરિત થાય તેવા હેતુ થી કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ ના નેતૃત્વમાં ડો. મહેશ એસ. ગાઢિયા અને ડો. ભરત.વી.ખેની દ્વારા આ વર્કશોપ યોજાયેલ. લીલીયાના મામલતદાર કે.બી. સાંગાણી, મીનાક્ષીબેન રાઠોડ સી.ડી.પી.ઓ., ડો.સિદ્ધપુરા મેડિકલ ઓફિસર- તથા કે.જે. આચાર્ય ટી.ડી.ઓ એ માર્ગદર્શન આપેલ હતું. ડો. શબીરભાઈ એ. પરમાર તથા પ્રા.સુભાષ એ.ઓડેદરાએ **GPSC** પરીક્ષા વિશે વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપેલ હતું અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમનો લાભ લીધો હતો.

# આતંકવાદી મોડ્યુલ અંગે તમિલનાડુમાં એનઆઈએનાં ૨૫ સ્થળોએ દરોડા



(એચ.એસ.એલ),ચેન્નાઈ,તા.૨૮

આઈએસઆઈએસ આતંકવાદી મોડ્યુલ અંગે મળેલા મહત્વપૂર્ણ પુરાવાઓના આધારે, રાષ્ટ્રીય તપાસ એજન્સીની ટીમો તમિલનાડુમાં ૨૫ સ્થળોએ દરોડા પાડી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજધાની ચેન્નાઈ અને મયિલાદુથુરાઈ જિલ્લામાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ દરોડાને ૨૦૨૩ના કોઈમ્બતુર વિસ્ફોટની તપાસના ભાગ રૂપે જોવામાં આવી રહી છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર,એનઆઈએ તપાસમાં અરબી ભાષા કેન્દ્રનું નામ મુખ્ય રીતે સામે આવ્યું છે. અને તમિલનાડુમાં, એનઆઈએ આ કેન્દ્ર સાથે સંકળાયેલા લોકોના વિવિધ સ્થળોએ દરોડા પાડી રહી છે જેથી તેઓ વિદેશી આતંકવાદી સંગઠનો સાથે શું જોડાણ ધરાવે છે તે શોધી શકાય. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં પણ, રાષ્ટ્રીય તપાસ એજન્સીની ટીમો આતંકવાદી કાવતરાના કેસમાં ૬ અલગ અલગ સ્થળોએ દરોડા પાડી રહી છે.એનઆઈએ શ્રીનગર, બડગામ અને સોપોરમાં આ દરોડા પાડી રહી છે.


**-//મામલતદાર અને એક ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૮૦/૨૦૨૪

અરજદારશ્રીઃ- .. ૧. બગડા માધાભાઈ ભાયાભાઈ
રહે. આંબરડી તા.સાવરકુંડલા જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તકમત્રીશ્રી આંબરડી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદી **ધનીબેન ભાયાભાઇ રાણાભાઇનુ મરણ તા.૨૫/૦૩/૧૯૮૫** ના રોજ મુ.આંબરડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


# દુધાળા ખાતે આવેલ હેતની હવેલીમાં ગણતંત્ર દિવસની અનોખી ઉજવણી

## ૨૧ પરમવિર ચક્ર વિજેતા જવાનોની વંદના કરાઈ



અમરેલી, તા.૨૮

લાઠી તાલુકાનાં દુધાળા ખાતે આવેલ ભારતમાતા સરોવર પર ગણતંત્ર દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. ભારતમાતા સરોવરનાં પુજન બાદ પરમવિર ચક્ર વિજેતા ૨૧ જવાનોની વંદના કરવામાં આવી હતી. પરમવિર ચક્ર વિજેતા સૈનિકોનાં પરાક્રમોની વિસ્તૃત માહિતી કલામ કેમ્પસનાં વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવી હતી. લાઠી, મતીરાળા, અકાળા સહિતની શાળાઓનાં બાળકોએ દેશભક્તિ કૃતિઓ રજૂ કરી હતી. અમરેલી મુકબધીર શાળાનાં બાળકોએ પણ કૃતિઓ રજૂ કરેલ હતી. ધોળકીયા ફાઉન્ડેશનનાં કનકભાઈ પટેલ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તકે મોટી સંખ્યામાં સમાજશ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, ગ્રામજનો અને શાળાનાં બાળકો જોડાયા હતા.

# જાફરાબાદમાં બાળકીનો શિકાર કરનાર દીપડો પાંજરે પૂરાયો



તસવીર : બાબુભાઈ વાટેળ

જાફરાબાદ, તા.૨૮

ગત તા.૨૫ જાન્યુઆરીએ જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામની સીમમાં દીપડાએ એક બાળકીનો શિકાર કર્યો હતો, વિસ્તારમાં ૧૦ જેટલા પાંજરા ગોઠવવામાં આવ્યા હતા અને વનવિભાગની ટીમે પગમાર્કના આધારે સ્કેનિંગ કરીને અલગ-અલગ ટીમો દ્વારા શોધખોળ હાથ ધરી હતી. વનવિભાગની ટીમે રોહીસા ગામ નજીકથી એક દીપડાને પાંજરામાં કેદ કર્યો છે. આ દીપડો જ ચિત્રાસર ગામમાં બાળકીનો શિકાર કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.


**-::જાહેર નોટીસ::-**

આથી અમો નોટીસમાં સહી કરનાર શ્રી મહેશભાઈ મનજીભાઈ ભોજાણી, ઉ.વ.આ.પુખ્ત ધંધો - ખેતીકામ, રહે.સુરત, ઠે................ ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના ચાવંડ ગામે આવેલ ખેડ ખાતા નં.૯૪૫ ઉપર ચાલતી જમીન જેનો રે.સ.નં.૧૦૧ પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૪-૦૪-૬૯ વાળી ખેતીની જમીનનો સ્વતંત્ર/સયુંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ,અને અમો સ્વતંત્ર/સયુંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમા જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય જે વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલ માલીકીના હકકો, તથા કબજા, ભોગટાના તમામ પ્રકારના હકકો તથા જામીનગીરી હકકો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી કંપનીઓ, અસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકકો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણના હકકો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૦ મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે,તેમ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા,હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે,અને તે પછી ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા,તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, અને ઉપરોકત જમીનમાં ત્યારબાદ આવા કોઈ કરાર, લખાણ કરીને જમીનમાં પ્રવેશ કરવામાં આવશે તો તેની સામે ફોજદારી અને કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગે થતા ખર્ચની જવાબદારી જે-તે વ્યકિત, સંસ્થાની રહેશે. તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ. ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.

પત્ર વ્યવહારનું સરનામું :-
શ્રી મહેશભાઈ મનજીભાઈ ભોજાણી
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
C/o.સોહિલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
B.Com, L.LB
સ્ટેશન રોડ,સોમનાથ કોમ્પ્લેક્ષ પહેલો માળ, નગરપાલીકા કચેરીની સામે, મુ. લાઠી, તા.લાઠી, જી.અમરેલી મો.૭૬૯૮૧ ૯૨૧૯૧

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**

સહી
...........................
**(શ્રી મહેશભાઇ મનજીભાઇ ભોજાણી)**
**૯૮૨૪૪ ૬૧૩૦૯**



**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૮૦/૨૦૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧. પ્રેમીલાબેન દેવશીભાઈ મહિડા
રહે. એ/૩૦૪, ત્રીજો માળ, નર્મદાનગર, કેબીન ક્રોસ રોડ, અભીનવ હાઈસ્કુલ, ભાયંદર, પુર્વ, થાણે, મુંબઈ

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી ખાલપર-કુંકાવાવ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **મહિડા કુસુમ દેવશીભાઇનો જન્મ તા.૦૨/૦૪/૧૯૯૦** ના રોજ મુ. ખાલપર તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


# અમેરીકાથી આવેલા પૂર્વ ગર્વનર કે.કે. શાહે જૂનાગઢ જિલ્લાની મુલાકાત લીધી

## અમેરીકાથી આવેલા મહેમાનો ભારતિય સંસ્કૃતિથી પ્રભાવિત થયા




ભેંસાણ, તા.૨૮

પૂર્વ ગર્વનર અને ગાયકવાડ સરકારનાં સલાહકાર પરીવારનાં કે.કે. શાહ જૂનાગઢની મુલાકાતે આવ્યા હતાં. તેઓની સાથે અમેરીકાથી આવેલા મહેમાનો પણ ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થયા હતા. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી શહેરની મુલાકાત લઈ લોકો સાથેનાં સંસ્મરણોને વાગોળ્યા હતા. ગ્રામજનોએ આવેલ તમામ મહેમાનોનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું.

# એટીએસએ ધોળકામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું : ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કર્યો

અમદાવાદ,તા.૨૮

ગુજરાત એટીએસએ ખંભાત બાદ ધોળકામાં મોટા પ્રમાણમાં માદક પદાર્થોનો જથ્થો જપ્ત કર્યો છે. અમદાવાદના ધોળકામાં પુલેન ચોકડી વિસ્તારમાં આવેલ ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. દેવમ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલા ગોડાઉનમાં બાતમીના આધારે એટીએસ ત્રાટકી હતી. મોડી રાત્રિથી એટીએસની ટીમ દ્વારા




ધોળકામાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. ગોડાઉનમાં મોટી માત્રામાં નશીલી દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. અગાઉ આણંદ જીલ્લાના ખંભાતમાં સોખડા જીઆઈડીસી વિસ્તારમાં ગ્રીનલાઈફ ઈન્ડ્રસ્ટ્રીઝ કંપનીમાં એટીએસના દરોડા પડ્યાં હતા. માહિતી મુજબ કંપની ગેરકાયદે ડ્રગ બનાવતી હોવાની બાતમીના આધારે એટીએસએ દરોડા પાડ્યા હતા.એટીએસએ સતત ૧૮ કલાક સુધી સર્ચ ઓપરેશન ચાલ્યું હતું. જેમાં અલ્પ્રાઝોલમ નામની દવા ઝડપાઈ છે. તેમજ ૧ મહિલા સહિત ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે.એટીએસ દ્વારા અંદાજે ૧૦૭ કરોડનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

### કુલ ૧૦ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરાઈ

# રાજયમાં અત્યાર સુધીમાં ૬૭૦૦ કરોડથી વધુ રકમની ટેકાનાં ભાવે મગફળી ખરીદાઈ

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતભરમાં અત્યારે મગફળી અને સોયાબીન સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી પૂરવેગે ચાલી રહી છે.ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરાયા હતા. ટેકાના ભાવ બજાર ભાવથી વધુ હોવાથી ગુજરાતના ખેડૂતોએ મગફળી સહિતના ખરીફ



પાકોનું પુષ્કળ વાવેતર અને ટેકાના ભાવે વેચાણ કર્યું છે. પરિણામે આ ખરીફ સીઝન દરમિયાન ગુજરાતમાં સરકાર દ્વારા મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી છે.અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ૧૯૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૬,૭૦૦ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧૦ લાખ મેટ્રિક ટન જેટલી મગફળીની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી આશરે ૨.૩૨ લાખ ખેડૂતોને રૂ. ૫,૧૭૨ કરોડથી વધુનું ચૂકવણું પણ સીધું તેમના બેંક ખાતામાં કરી દેવામાં આવ્યું છે.

# જામનગરમાં કોંગો ફીવરથી આધેડનું મૃત્યુ : આરોગ્ય તંત્રમાં દોડધામ

જામનગર,તા.૨૮

જામનગરમાં પાંચ વર્ષ પછી ફરી કોંગો રોગના વાયરસ દેખાતાં ફફડાટ વ્યાપી ગયો છે. જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષિય એક આધેડનું કોંગો ફિવરને કારણે મૃત્યુ થતાં આરોગ્યતંત્રમાં દોડધામ વ્યાપી ગઈ હતી. આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ પંચેશ્રવર ટાવરના ભરવાડ પાડામાં રહેતા મોહનભાઈ મેરૂભાઈ કટોરિયા નામના ૫૦ વર્ષીય આધેડને તાવ આવતાં તેમને જામનગરની ગુરૂ ગોવિંદસિંઘ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમનું ગઈકાલે સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ હતું. તેમના વિવિધ રિપોર્ટસ કરાવવામાં આવ્યા હતાં, જેમાં કોંગો ફીવર પોઝીટીવ હોવાનું જણાઈ આવ્યુ હતું. કોંગો ફીવર રિપોર્ટ બાદ જામનગર મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પણ આજે હરકતમાં આવ્યું હતું, અને સંક્રમિત દર્દીના રહેણાંક વિસ્તારમાં દવાના છંટકાવ તેમજ સર્વે સહિતની કામગીરી હાથ ધરી હતી.

# મુન્દ્રામાં એસી કોમ્પ્રેસર બ્લાસ્ટ થતાં ઉંઘી રહેલા પિતા-પુત્રીનું દાઝી જવાથી મોત

(એચ.એસ.એલ),ભુજ,તા.૨૮

કચ્છના મુન્દ્રામાં AC કોમ્પ્રેસર બ્લાસ્ટની ઘટના સામે આવી છે. મકાનમાં એસી કોમ્પ્રેસર બ્લાસ્ટ થતાં પિતા અને પુત્રી ઊંઘમાં બળીને ખાખ થઈ ગયા હતા, જ્યારે માતાને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે. ઘટના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, મુન્દ્રાના બારોઈ



રોડ પર સૂર્યનગરમાં એક ઘરની અંદર ભીષણ આગ લાગી હતી. કોઈ કારણોસર, રહેણાંક મકાનની અંદર સ્થાપિત એસી કોમ્પ્રેસર ફાટ્યું, જેના કારણે આગ લાગી. આગને કારણે ઘરમાં સૂતા એક જ પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા. જેમાં પિતા અને પુત્રીનું દર્દનાક મોત થયું હતું, જ્યારે ૩૦ વર્ષીય માતાને સારવાર માટે મુન્દ્રાની અદાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. મુન્દ્રા પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, આજે સવારે લગભગ ૫ વાગ્યે આગ લાગી હતી. રહેણાંક વિસ્તારમાં આગ લાગી ત્યારે આસપાસના લોકો એકઠા થઈ ગયા અને અધિકારીઓને જાણ કરી.

# મોરબીમાં દારૂ ઝડપાવવાના કેસમાં પીએસઆઈ સહિત બે સસ્પેન્ડ

(એચ.એસ.એલ),મોરબી,તા.૨૮

ગુજરાતમાં દારુ બંધી હોવા છતા અવારનવાર દારુનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે મોરબીના શનાળા નજીકથી ૧૭૫૧૪ બોટલ દારૂ ઝડપાવવાના કેસમાં કડક કાર્યવાહી કરવામાં આવી છે. મોરબી સિટી એ ડિવિઝનનાં પીએસઆઈ અને એએસઆઈ સસ્પેન્ડ કરાયા છે. મોરબી જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીએ આદેશ આપ્યો છે. ગઈકાલે એસએમસીએ દરોડા પાડી દારુનો જથ્થો ઝડપ્યો હતો. દારુની બોટલો સહિત ૧.૧૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે ચારની ધરપકડ ૭ આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે. થોડા દિવસો પહેલા પણ એક મોટો દરોડો પાડીને એસએમસીએ ગોડાઉનમાંથી લાખો રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો. આ બાતમી આધારે મોરબીના રાજપર રોડ ઉપર એક ગોડાઉનમાં દારૂનું કટીંગ થઈ રહ્યું છે.

# ખ્યાતિ કાંડના આરોપી કાર્તિક પટેલને જ્યુડિશિયલ કસ્ટડીમાં ધકેલાયો

અમદાવાદ,તા.૨૮

અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલકાંડ મામલામાં ડાયરેક્ટર કાર્તિક પટેલના રિમાન્ડ પૂરા થતા તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જોકે તપાસ એજન્સી ક્રાઈમ બ્રાન્ચે વધુ રિમાન્ડની માંગ ન કરતા આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયો હતો. કાર્તિક પટેલના વકીલ થકી કોર્ટમાં રજૂઆત કરવામાં આવી



હતી કે અરજદારને પીઠનો દુઃખાવો હોવાથી ગાદલાની સુવિધા કરવામાં આવે. આ મુદ્દે કોર્ટે પોલીસ અધિકારીને મેડિકલ રિપોર્ટ રજૂ કરવાનું મૌખિક સૂચન કર્યું હતું.

જણાવી દઈએ કે, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ખ્યાતિ કાંડના ત્રણેય આરોપીઓનું અલગ અલગ ઈન્ટ્રોગેશન કર્યુ ત્યારે કાર્તિકે રાહુલ અને ચિરાગે આપેલા તમામ નિવેદન નકારી કાઢ્યા હતા. જે બાદ ત્રણેય આરોપીઓને સાથે બેસાડીને પૂછપરછ કરતાં કાર્તિકની પોલ ખૂલી પડતાં તેણે તમામ વાતો સ્વીકારી હતી.

# લાઠી નગરપાલિકામાં ભાજપમાંથી ૯૮ ઉમેદવારોએ ટીકિટ માટે દાવેદારી નોંધાવી



અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા હાથ ધરાયેલી સેન્સ પ્રક્રિયા આજે પૂર્ણ થઈ છે. જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં કુલ ૩૦૩ દાવેદારોએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે. લાઠી નગરપાલિકામાં ભાજપ તરફથી ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. ૯૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

# એક યુવકે બીજા યુવકના ગુપ્તાંગમાં એર કમ્પ્રેસરથી હવા ભરતા મોત થયું

(કે.એન.એલ),મહેસાણા,તા.૨૮

કડી તાલુકાના વડુ ગામ પાસે આવેલી એક કંપનીમાં અરેરાટીભર્યો બનાવ બન્યો છે. મજાક-મજાકમાં એક યુવકનો જીવ ગયો છે. સાથી કર્મચારીના પિતરાઈએ ઍર કમ્પ્રેશરથી યુવકના ગુપ્તાંગમાં હવા ભરતાં યુવકનું મોત નિપજ્યું હતું. ત્યારે આવી હરકત કરનાર આરોપી સામે ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વડુ ગામે લાયકા મેટલ નામની કંપની આવેલી છે. મૂળ થરાદના પાવડાસ ગામના વતની અને કંપનીના ક્વાર્ટર્સમાં રહેતા ઘેવાભાઈ વણકર છેલ્લા બે મહિનાથી આ કંપનીમાં નોકરી કરી રહ્યા હતા. તેમના પિતરાઈ ભાઈ અલ્પેશ વણકર પણ આ જ કંપનીમાં કામ કરે છે. ઘટના દિવસે અમદાવાદમાં નોકરી કરતો તેમનો ભાઈ પ્રકાશ તેમને મળવા આવ્યો હતો.ત્યારે કંપનીમાં એર કમ્પ્રેસરથી કલર સૂકવવાનું કામ ચાલી રહ્યું હતું. ત્યારે અલ્પેશ વણકરને મજાક કરવાનું મન થયું હતું. અલ્પેશે હવાના પ્રેસર માટે વપરાતા કોમ્પ્રેસરથી પ્રકાશ વણકરની ગુપ્તાંગમાં હવા ભરી હતી. ગુદામાં હવા ભરવાના કારણે પ્રકાશ વણકરની તબિયત લથડી હતી, જેથી તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. મોતના પગલે કોમ્પ્રેસરથી હવા ભરનાર સામે ગુનો નોંધાયો છે. ગુપ્તાંગમાં હવા ભરનાર અલ્પેશ વણકર સામે નંદાસણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

# સુરતમાં હીરાની મંદી માટે લેબગ્રોન હીરા જવાબદાર : સાંસદ ગોવિંદ ધોળકીયા

સુરત, તા.૨૮

સુરતમાં હીરા ઉદ્યોગકારો અને રત્નકલાકારો લાંબા સમયથી મંદીનો સામનો કરી રહ્યા છે. મંદીનાં કારણોને લઈ ઉદ્યોગકારોમાં અલગ અલગ મુદ્દાઓની ચર્ચા ચાલી રહી છે. એની વચ્ચે હીરા ઉદ્યોગકાર અને રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ



મંદી માટે લેબગ્રોન ડાયમંડને જવાબદાર ગણાવતાં લેબગ્રોન ડાયમંડ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓ અને સાંસદ આમને-સામને આવી ગયા છે. લેબગ્રોન સાથે સંકળાયેલા ઉદ્યોગપતિએ કહ્યું હતું કે ફ્સ્ટ્રેશનના કારણે આ નિવેદન કર્યું છે. બીજા ઉદ્યોગપતિએ કહ્યું, તેઓ પોતાના ઉદ્યોગને બચાવવા કોઈપણ નિવેદન આપી શકે. સુરત હીરા ઉદ્યોગમાં મોટું નામ ધરાવતા ઉદ્યોગપતિ અને રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી ઘેરી મંદી માટે લેબગ્રોન ડાયમંડને જવાબદાર ઠેરવતા લેબગ્રોન સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓ નારાજ થયા છે. રિયલ ડાયમંડ અને લેબગ્રોન ડાયમંડને લઈ ઉદ્યોગકારો વચ્ચે જુબાની જંગ છેડાયો છે.

# વિરમગામમાં સાત મહિનાથી લિવ-ઈન રીલેશનસિપમાં રહેતા વેવાઈ-વેવાણનાં અનૈતિક સંબંધનો કરુણ અંત

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૮

વિરમગામમાં રાત્રિના અંધારામાં ખેલાયેલા ખૂની ખેલની ઘટનાના વીડિયો અને તસવીરો સામે આવતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ સાથે જ એવી માહિતી બહાર આવી કે જે વ્યક્તિને સરેઆમ મોતને ઘાટ ઉતારવામાં આવ્યો છે, તો કોઈ બીજો નહીં પરંતુ એક શિક્ષક છે.



ઘટનાને પગલે પોલીસ તપાસમાં જોડાઈ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરી હત્યાની ગુથ્થી ઉકેલી કાઢી છે. જોકે, ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી છે. જોકે, પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, મૃતક શિક્ષક અને આરોપીની પત્નિ વચ્ચે પ્રેમ સંબંધ હતો અને તેઓ વેવાઈ-વેવાણ થતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, નરેશભાઈ અને હર્ષાબેન છેલ્લા સાત-આઠ મહિનાથી લિવ-ઈનમાં રહેતા હતા. નોંધનીય છે કે, આરોપી પાટણના રહેવાસી છે, પરંતુ તેઓ ઘરેથી ભાગી ગયા છે. જેને લઈ પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી છે. આવામાં આરોપીઓની ધરપકડ બાદ અન્ય ખુલાસા સામે આવી શકે તેમ છે.








